સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

ત્રીજું નોરતું
Happy Navratri

વર્ષ : ૪૭ અંક : ૨૫૭ જૂનાગઢ તા.૧૭-૧૦-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 257, Junagadh : Date : 17 October, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay




## સમલૈંગિક લગ્નોને કાનૂની માન્યતા આપવા અંગે સુપ્રિમ કોર્ટમાં આખરી સુનાવણી

# તમામને જીવનસાથી પસંદ કરવાની આઝાદી છે : સમલૈંગિક લગ્નોને માન્યતા ન આપવી તે અપ્રત્યક્ષ રૂપથી સ્વતંત્રતાનું ઉલ્લંઘન છે : ચીફ જસ્ટીસ

### લગ્નનો અધિકાર મૌલિક અધિકાર નથી : સમલૈંગિક કપલ લગ્ન કરે તો તેની નોંધણી સ્પે. મેરેજ એકટ હેઠળ થઈ શકે છે

નવી દિલ્હી તા. ૧૭

સમલૈંગિક લગ્નો અંગે સુપ્રિમ કોર્ટમાં આખરી સુનાવણી ચાલી રહી છે જે દરમ્યાન સર્વોચ્ચ અદાલતની ખંડપીઠે અતિ મહત્વની ટીપ્પણી કરી હતી જેમાં સુપ્રિમ કોર્ટનાં ચીફ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડે કહયું કે, તમામને જીવનસાથી પસંદ કરવાની આઝાદી છે પરંતુ સમલૈંગિક લગ્નોને માન્યતા ન આપવી તે અપ્રત્યક્ષ રૂપથી સ્વતંત્રતાનું ઉલ્લંઘન છે. ચીફ જસ્ટીસે વધુમાં કહયું કે, અદાલત આ મામલે કાનૂન બનાવી શકતી નથી પરંતુ અદાલત ફકત કાનુની વ્યખ્યા કરી શકે છે. સરકાર આ મામલે કમીટી બનાવે તેમ જણાવતા ચીફ જસ્ટીસે કહયું કે, સુપ્રિમ કોર્ટનાં નિર્દેશોનો ઈરાદો નવી સામાજીક સંસ્થા બનાવવાનો નથી. ચીફ જસ્ટીસે કહયું કે, સમલૈંગિકોને અધિકાર મળવા જોઈએ, જો ટ્રાન્સઝેન્ડર લગ્ન કરે તો તેવા લગ્નોની સ્પેશ્યલ મેરેજ એકટ હેઠળ નોંધણી થઈ શકે છે, સમલૈંગિક લગ્નોને માન્યતા દેવાનો અધિકાર સંસદ પાસે છે.

જો આવી વ્યકિતઓ પોતાના ઘરે જવા માંગતી ન હોય તો પોલીસે તેમને બળજબરીપુર્વક ઘરે મોકલવા જોઈએ નહી, સુપ્રિમ કોર્ટે એવા પણ સૂચનો આપ્યા હતા કે, જાહેર જનતાને સમલૈંગિકોનાં અધિકારો અંગે જાગ્રુત કરવામાં આવે તેમજ સમલૈંગિક સમુદાય માટે હોટલાઈન બનાવવામાં આવે, સમલૈંગિક કપલ માટે સુરક્ષિત ઘર બનાવવામાં આવે તેવું સુપ્રિમ કોર્ટે સુનાવણી દરમ્યાન જણાવ્યું હતું.

# વિદેશી વિદ્યાર્થીને મેડીકલમાં સરકારી સીટ પર પ્રવેશ મળી શકે નહી : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા.૧૭

ઓવરસીઝ સીટીઝન ઓફ ઈન્ડીયા કાર્ડ (વિદેશી નાગરિક) ધરાવતા વિદ્યાર્થીને ભારતીય વિદ્યાર્થી સમકક્ષ અધિકાર ન મળી શકે અને સરકારી સીટ પર મેડીકલ કોલેજમાં પ્રવેશ ન મળી શકે તેવો મહત્વનો ચુકાદો ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે.

બ્રિટીશ પાસપોર્ટ ધરાવતા વત્સ શાહ નામના વિદ્યાર્થીએ ૨૦૧૯માં મેડીકલ કોલેજમાં પ્રવેશ માટે અરજી કરી હતી જે કમીટી દ્વારા નકારવામાં આવી હતી. વડી અદાલતની સુચના મુજબ એનઆરઆઈ કવોટામાં કરેલી અરજી મંજુર થઈ હતી. વિદેશી નાગરિકત્વ ધરાવતા વિદ્યાર્થીને જનરલ શ્રેણીની બેઠકોમાં પ્રવેશ મળી શકે કે કેમ તે મુદો પેન્ડીંગ રહ્યો હતો.

વિદ્યાર્થી દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે, ૨૦૧૭માં સરકારે નોટીફીકેશન ઈસ્યુ કરીને શિક્ષણમાં ઓસીઆઈ તથા એનઆરઆઈને સમકક્ષ જાહેર કર્યો છે અને તેના આધારે ઓસીઆઈ કાર્ડ હોલ્ડર જનરલ કેટેગરીમાં પ્રવેશ લઈ શકે છે.

સરકાર પક્ષે એવી દલીલ કરવામાં આવી હતી કે નિયમોમાં પણ બદલાવ કરાયો હતો અને તેના આધારે એસીયાઈ કે એનઆરઆઈ વિદ્યાર્થી જનરલ કેટેગરીની સીટમાં પ્રવેશ મેળવી શકતા નથી.

હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલના વડપણ હેઠળની બેંચે વિદ્યાર્થીની અરજી નકારી કાઢતા એમ કહ્યું કે ભારતમાં વસતા વિદ્યાર્થીઓના તબીબી શિક્ષણ પાછળ જ સરકાર ખર્ચ કરે છે.

# પીએમ કિસાન સમ્માન નિધિમાં ૧.૭૧ કરોડ, મનરેગામાં ૩૩ લાખ બોગસ લાભાર્થીઓ પકડાયા

નવી દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકારની પીએમ કિસાન સમ્માન નિધિ, મનરેગા, ખાતર સબસીડી જેવી અનેકવિધ કલ્યાણકારી યોજનાઓમાં મોટી સંખ્યામાં બોગસ લાભાર્થીઓ ઘુસી ગયા છે અને તેઓની ઓળખ કરીને ચાલુ વર્ષે રૂા.૧૮૦૦૦ કરોડની બચત થવાનો અંદાજ મુકયો છે.

કેન્દ્ર સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં મોટી સંખ્યામાં બોગસ લાભાર્થીના ખાતા બ્લોક કરી જ દેવાયા છે. બોગસ અને ડુપ્લીકેટ લાભાર્થીઓની ઓળખ મેળવીને ચાલુ વર્ષે ૧૮૦૦૦ કરોડ બચાવી શકાશે.

પીએમ કિસાન સમ્માન નિધિમાં અત્યાર સુધીમાં ૧.૭૧ કરોડ બોગસ કે ડુપ્લીકેટ લાભાર્થીઓને હટાવવામાં આવ્યા છે. છેલ્લા ૬ મહિનાથી કેન્દ્ર તથા રાજયોની સરકારો લાભાર્થીઓના ડેટાબેઈઝની ચકાસણી કરતી હતી. બોગસ અને ડુપ્લીકેટ લાભાર્થી હટાવાય રહ્યા છે. યોગ્ય વ્યક્તિને જ સરકારી યોજનાઓના લાભ મળે તેવો આશય છે. ચાલુ નાણાકીય વર્ષમાં માત્ર પીએમ કિસાન યોજનામાં જ બોગસ લાભાર્થી હટાવાતા રૂા.૯૦૦૦ કરોડની બચત થવાનો અંદાજ છે.

## હિમાચલમાં હિમ વર્ષા : શિયાળાની વહેલી શરૂઆત

સિમલા તા.૧૭

હિમાચલ પ્રદેશના ઘણા જિલ્લાઓના ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા અને નીચલા વિસ્તારોમાં વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો છે અને શિયાળાની વહેલી શરૂઆતના સંકેતો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સિરમૌરમાં ચૂધર રેન્જ, કુલ્લુમાં રોહતાંગ પાસ અને જલોરી પાસ અને શિમલાના હાટુ પીક અને ચંશાલમાં આજે સવારે હિમવર્ષા થઈ છે. શિમલા, સિરમૌર, કુલ્લુ અને મંડીના ઊંચાઈવાળા વિસ્તારો સિવાય, લાહૌલ સ્પીતિ અને કિન્નૌરના આદિવાસી પ્રભુત્વવાળા જિલ્લાઓમાં બરફ પડ્યો હતો.

**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, કિંમત રૂા. ૩૫ લાખ તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.
ફોન કરવાનો સમય
સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮

મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧




# મહિલા અનામત મુદે કોંગ્રેસે સુપ્રિમ કોર્ટમાં અરજી કરી


નવી દિલ્હી તા. ૧૭

લોકસભા અને વિધાનસભાઓમાં ૩૩ ટકા મહિલા અનામતનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. અરજીમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા અનામત લાગુ કરવાના આદેશની માંગ કરવામાં આવી છે. મધ્યપ્રદેશ કોંગ્રેસના નેતા ડો.જયા ઠાકુરે સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરી છે

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

## હમાસ- ઈઝરાયેલ યુધ્ધ મામલે હવે મહાસત્તાઓ મેદાનમાં

# પુતિન આજે ચીનની મુલાકાતે જશે બાઈડન આવતીકાલે ઈઝરાયેલ આવશે

### ઈઝરાયેલે લેબનોનમાં હિઝબુલ્લાનાં ઠેકાણા પર હુમલા કર્યા : ઈરાને ઈઝરાયેલને ચેતવણી આપી

નવી દિલ્હી તા. ૧૭

હમાસ અને ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે રશિયાની એન્ટ્રી થઈ છે, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આજે ચીનની મુલાકાત લેશે. પુતિન અને જિનપિંગ વચ્ચે ઘણા મુદ્દાઓ પર વાતચીત થશે. ઈઝરાયેલ-હમાસ યુદ્ધ પર વાતચીત થવાની છે. ચીને હમાસ વિરુદ્ધ ઈઝરાયેલની કાર્યવાહી સામે વાંધો વ્યક્ત કર્યો છે. ચીનનું કહેવું છે કે ઈઝરાયલે આંતરરાષ્ટ્રીય સમુદાયના લોકોના વિચારોને ગંભીરતાથી સાંભળવા જોઈએ.

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન આવતીકાલે ઈઝરાયેલમાં તેલઅવીવની મુલાકાત લેશે. અમેરિકી વિદેશમંત્રી એન્ટલી બ્લીંકન આ માહિતી આપતા મીડીયાને કહ્યું હતું કે, ઈઝરાયેલ અને મધ્યપુર્વ અને વિશ્વ માટે આ ખૂબ જ નાજુક ક્ષણ છે, જેને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રપતિ બાઈડન બુધવારે ઈઝરાયેલની મુલાકાત લેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બાઈડન તેલઅવીવ આવીને ઈઝરાયેલની સાથે અમેરિકાની એકતાની પુષ્ટિ કરશે. સાથે સાથે તે એ સ્પષ્ટ કરશે કે ઈઝરાયેલને હમાસના આતંકીઓથી પોતાના નાગરિકોની રક્ષા કરવા અને હુમલો રોકવાના સંપૂર્ણ અધિકાર છે.

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનના કટ્ટરપંથી સંગઠન હમાસ વચ્ચે છેલ્લા ૧૧ દિવસથી યુદ્ધ ચાલુ છે. અત્યાર સુધી બન્ને તરફ ૪૦૦૦થી વધુ લોકોના મોત થયા છે જ્યારે ૧૦ હજારથી વધુ લોકો ઘાયલ થયા છે. ઈઝરાયેલી સેનાએ હમાસને છોડીને લેબેનોનમાં આતંકી સંગઠન હિજબુલ્લાહના ઠેકાણાઓ પર હુમલો કર્યો છે.

આ પહેલા લેબેનોનમાં શાસક રહેલા કટ્ટરપંથી સંગઠન હિજબુલ્લાહ પણ યુદ્ધમાં હમાસના સમર્થનમાં કુદી ગયું છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હિજબુલ્લાહને અમારી પરીક્ષા ના લેવાની ચેતવણી આપી છે.ઈઝરાયેલે આ પહેલા લેબેનોન સાથે પોતાની સરહદ પાસેના ગામને ખાલી કરવાનો આદેશ આપ્યો હતો.

બીજી તરફ ઈરાનનાં વિદેશ મંત્રાલયનાં પ્રવકતાએ પણ ઈઝરાયેલને ચેતવણી આપી છે. આમ ઈઝરાયેલ - હમાસ યુધ્ધ હવે આંતરરાષ્ટ્રીય સ્તરનું બની ગયું છે.



# રાજયસરકારની SHODH સ્કોલરશીપ માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં ૩૦ પીએચ.ડી. વિદ્યાર્થીઓની પસંદગીપામ્યા


જૂનાગઢ, તા.૧૭

રાજય સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની વિવિધ યુનિવર્સીટીઓનાં પીએચ.ડી.માં એડમીશન મેળવતા વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધનકર્તાઓને **Scheme of Developing High Quality Research (SHODH)** યોજનાં અંતર્ગત સહાય આપવામાં આવે છે, જેમાં આ વર્ષે રાજ્યનાં કુલ ૮૭૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલ છે જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીનાં ૩૦ પીએચ.ડી. વિદ્યાર્થીઓ પસંદગી પામેલ છે. પસંદગી પામેલ ઉમેદવારોને આ યોજનાં હેઠળ દર મહીને રૂા.૧૫૦૦૦/- સ્ટાઈપન્ડ અને વર્ષનાં અંતે રૂા. ૨૦૦૦૦/- કન્ટીજન્સી સહાય આપવામાં આવશે. આ યોજનામાં વિદ્યાર્થીઓની પસંદગી માટે કુલ ૬ વિભાગમાં માપદંડ નક્કી કરી કસોટીનું ૧૦૦ ગુણ માંથી મૂલ્યાંકન કરવામાં આવે છે જેમાં ૫૦% થી વધારે ગુણ મેળવતા વિદ્યાર્થીઓની સ્કોલરશીપ માટે પસંદગી કરવામાં આવે છે, જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીનાં ૩૦ વિદ્યાર્થીઓ પૈકી ભાવિક પ્રવીણભાઈ સોલંકી કુલ ૯૮ ગુણ મેળવી પ્રથમ સ્થાને રહી રાજ્ય કક્ષાએ યુનિવર્સીટીને ગૌરવ અપાવેલ છે. શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે કાર્યરત આ યુનિવર્સીટીનાં માન. કુલપતિ ડો.વી. પી. ચોવટિયા દ્વારા ઉપરોક્ત દરેક ક્ષેત્રે યુનિવર્સીટીનાં ઉમદા કાર્યો અને સિધ્ધિઓ માટે અથાગ મહેનત અને પ્રયત્નો કરવામાં આવે છે તેમજ તે માટે હર હંમેશ માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે, આમ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બરો તેમનાં દ્વારા પ્રોત્સાહિત થઈ યુનિવર્સીટી માટે સતત પ્રયત્નશીલ રહે છે. આ યોજના હેઠળ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ તેમજ તેમની સાથે સંકળાયેલ ફેકલ્ટી મેમ્બરોને અથાગ મહેનત અને પ્રયત્નો થકી સિદ્ધી મેળવવાં બદલ માન. કુલપતિ ડો.વી.પી. ચોવટિયા, ડો.આર. બી. માદરિયા, ડો.પી. એમ. ચૌહાણ, ડો.એન. બી. જાદવ, ડો.આર. એમ. સોલંકી તેમજ અન્ય અધિકારી કર્મચારીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવે છે.

# ગુજરાત રાજ્યના એન.એસ.એસ. સ્વયં સેવક ભાઈઓએ સાહસિક ખડક ચઢાણની દસ દિવસની શિબિર પૂર્ણ કરી

## વિવિધ ૧૨ યુનિવર્સિટીના ૨૭ જેટલા એન.એસ.એસ.નાં સ્વયં સેવક ભાઈઓએ તાલીમ લીધી



જૂનાગઢ, તા.૧૭

રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર ઉપક્રમે રાજય એન.એસ.એસ. સેલ, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગર અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ આયોજીત ભક્તકવિ નરસિહ મહેતા યુનીવર્સીટી જૂનાગઢ પ્રાયોજીત સૌ પ્રથમવાર ભાઈઓ માટે ખડક ચઢાણ બેઝિક કોર્સ તા.૪/૧૦/૨૦૨૩ થી તા. ૧૩/૧૦/૨૦૨૩ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજાયો હતો. જેમાં વિવિધ ૧૨ યુનિવર્સીટીના ૨૭ જેટલા એન.એસ.એસ.નાં સ્વયં સેવક ભાઈઓએ તાલીમ લીધી હતી.

શિબિરના છેલ્લા દિવસે પૂર્ણાહુતી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અધ્યક્ષ ડો.પરાગ દેવાણી, કો-ઓર્ડનેટર ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ,અતિથિ વિશેષ, પ્રો. ચેતનાબેન ચુડાસમા **NSS** પ્રોગ્રામ ઓફિસર ડો.સુભાષ મહિલા કોલેજ જૂનાગઢ, નોડલ ઓફિસર ડો. બિપીનભાઈ પટેલ, સુભાષમહિલા કોલેજ જૂનાગઢ, **NSS** પ્રોગ્રામ ઓફિસર, એમ.ડી.દાસ, જોષીપરા મહિલા કોલેજ જૂનાગઢ, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ શિબિર પી.બી. પંડ્યા કમિશ્નર ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી અને ભક્તકવિ નરસિહ મહેતા યુનિવર્સીટી જૂનાગઢના વાઈસ ચાન્સેલર ડો.ચેતન ત્રિવેદીના ખાસ માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. આ ખડક ચઢાણ બેઝિક કોર્સમાં સોની મિલાપ (વડોદરા), બારિયા યશ (સુરત), ગોહિલ દિવ્યરાજસિંહ (સુરત), રાઠવા રવિ (છોટાઉદેપુર) એ માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી.

# રાજયના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના જાપાન ખાતે અંતરરાષ્ટ્રીય તાલીમ લઈ રહેલ વિદ્યાર્થીઓ સાથે વર્ચુઅલ માધ્યમથી સંવાદ સાધ્યો





જૂનાગઢ,તા.૧૭

ગુજરાત રાજયના કૃષિ, પશુપાલન, ગૌ-સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામીણ આવાસ અને ગ્રામીણ વિકાસ મંત્રી રાઘવજીભાઈ પટેલ જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીમાં વિશ્વ બેંક પુરસ્કૃત આઈ. સી.એ.આર., ન્યુ દિલ્હીના રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચ શિક્ષણ કાર્યક્રમના આઈ.ડી.પી. યોજના હેઠળ હાલમાં જાપાનની હોક્કાઈડો યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય તાલીમ લઈ રહેલ દસ વિદ્યાર્થીઓ સાથે વર્ચુઅલ માધ્યમથી સંવાદ કર્યો હતા. આ ઉપરાંત ઓસ્ટ્રેલીયા, આયર્લેન્ડ, જાપાન, વિયેતનામ, થાઈલેન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય તાલીમ પૂર્ણ કરનાર અને ન્યુઝીલેન્ડ, મલેશિયા તેમજ સ્પેન ખાતે આંતરરાષ્ટ્રીય તાલીમ માટે જનાર યુનિવર્સીટીની વિવિધ વિધાશાખાના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ સાથે રૂબરૂમાં સંવાદ કરી અને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો. વી.પી.ચોવટિયા, સંશોધન નિયામક ડો. આર. બી. માદરિયા, કુલસચિવ અને કૃષિ ઈજનેરી વિદ્યાશાખાના ડીન અને આચાર્ય ડો. પી. એમ. ચૌહાણ ઉપરાંત અન્ય વિધાશાખાના ડીન ડો. એસ. જી. સાવલિયા, ડો. ડી. કે વરૂ, એગ્રી બીસનેસ મેનેજમેન્ટ કોલેજના આચાર્ય ડો. સી. ડી. લખલાણી, નિયામક આઈ.ટી. ડો. કે. સી. પટેલ અને પ્રાધ્યાપક ગણ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.


# જૂનાગઢ શહેરમાં વસવાટ કરતા નાગ્રેચા, ભિમજીયાણી અને જીવરાજાની પરિવાર જોગ



જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ શહેરમાં વસવાટ કરતા નાગ્રેચા, ભિમજીયાણી અને જીવરાજાની પરિવાર જોગ જણાવવાનું કે, જૂનાગઢ શહેરમાં વસતા આપણા પરિવારો સાથેના એક સ્નેહ મિલનના કાર્યક્રમનું નવા વર્ષમાં આયોજન કરવાનું હોય અને જે અંતર્ગત સૌ પ્રથમ નાગ્રેચા, ભિમજીયાણી અને જીવરાજાની પરિવારોએ પોતાના કુટુંબની વિગત પરિવારમાં કેટલા સભ્યો છે અને ઘરના મુખ્ય વ્યકિતના મોબાઈલ નંબરની વિગત વોટસએપ ઉપર કેતનભાઈ નાગ્રેચા (મો.નં.૯૮૨૫૨ ૫૮૧૯૮) તથા મનિષભાઈ નાગ્રેચા (મો.નં.૯૪૨૬૨ ૭૯૦૨૫) તથા ભાવેશભાઈ નાગ્રેચા (૯૮૨૫૯૬૧૭૦૯૧ તથા અનુપભાઈ ભિમજીયાણી (૯૪૨૮૭ ૦૨૦૪૯) તથા ચંદ્રેશભાઈ ભિમજીયાણીની વહેલી તકે મોકલી આપવા સમગ્ર નાગ્રેચા પરિવાર વતી જશવંતભાઈ નાગ્રેચા (મો.નં.૯૪૨૮૪ ૪૦૬૬૫) એ એક યાદીમાં જણાવેલ છે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢની વિદ્યાર્થિનીઓએ 'વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ જૂનાગઢ સમિટ'માં ભાગ લીધો





જૂનાગઢ, તા.૧૭

હાલના વડાપ્રધાન અને ગુજરાત રાજયના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી એ વર્ષ ૨૦૦૩માં ઔદ્યોગિક રોકાણ અને તેના વિકાસ માટે વાયબ્રન્ટ ગુજરાત સમિટની શરૂઆત કરી હતી. તેમાંથી પ્રેરણા લઈને ગુજરાત સરકારશ્રી દ્વારા આ વર્ષે 'વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ સમિટ'નું આયોજન કર્યુ છે. તેના અનુસંધાને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા.૧૪-૧૦-૨૦૨૩ ને શનિવારના રોજ ધ ફર્ન-લિયો રિસોર્ટ ખાતે 'વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ જૂનાગઢ સમિટ' યોજવામાં આવી હતી.

ઉકત સમિટમાં શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ-જૂનાગઢ સંચાલિત માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢના વોકેશનલ ટ્રેડ (ફૂડ પ્રોસેસિંગ એન્ડ એપેરલ)ના ટ્રેનર સુશ્રી હેતલબેન પડશાળા અને સુશ્રી વિમલાબેન બોરડના માર્ગદર્શન હેઠળ શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક જોડાઈને બિઝનેસ તેમજ સ્ટાર્ટઅપને લગતું સવિશેષ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ સમિટમાં જૂનાગઢ જિલ્લાની વન ડિસ્ટ્રિક્ટ-વન બ્રાન્ડ પ્રોડક્ટ એવી મગફળી, કેરી જેવી વિવિધ એગ્રોબેઝ પ્રોડક્ટસ ઉપરાંત પ્લાસ્ટિક, ઓટોમોબાઈલ્સ, ડાયમંડ, જ્વેલરી, ગાર્મેન્ટસ, ડેરી, હોટેલ્સ એન્ડ ટુરિઝમ, જેવા ઉદ્યોગોની બિઝનેસ પોલિસી, ઈન્વેસ્ટમેન્ટ, માર્કેટિંગ, સ્ટોરેજ, એક્સપોર્ટ, એમ્પ્લોયમેંટ તેમજ સ્ટાર્ટ અપને લગતી વૈશ્વિક માહિતી અર્થે એક્ઝિબિશન અને સેમિનારનું સવિશેષ આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં અધિકારીઓ, કર્મચારીઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, રોકાણકારો અને વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ સમિટમાં જોડાયેલ વિદ્યાર્થિનીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલિનીબેન ગોધાણી, શાળાના આચાર્યા સુશ્રી જયશ્રીબેન રંગોલિયા સહિત સંસ્થાના ટ્રસ્ટીઓ, સંચાલક મંડળના સભ્યો તેમજ સમગ્ર શાળા પરિવારે શુભકામનાઓ પાઠવી હતી.

# શ્રી રધ્ધેશ્વર મહાદેવ સેવા સમિતિ દ્વારા દશેરાના હવનનું આયોજન

જૂનાગઢ, તા.૧૭

શ્રી ભિમજીયાણી પરીવાર ના સર્વે વડીલો તથા પરીવારજનોને ખાસ જણાવાનુ કે, શ્રી દશેરાનો હવન દરવરસ મુજબ આ વર્ષે પણ શ્રી આસો સુદી ૧૦ને મંગળવાર તા.૨૪/૧૦/૨૦૨૩ ના શ્રી બાવાપિપળીયા મુક્કામે આયોજીત કરવામાં આવેલ છે.

હવન પૂજામાં બેસવા માટે જે ભાઈઓની ઈચ્છા હોય તેમણે નામ નોંધાવી દેવા તેમજ જે ભાઈઓ હવન પૂજામાં બેસવા માટે નામ નોંધ કરાવશે એમને એક દિવસ પહેલા સાંજે બાવાપીપળીયા પહોચી જવા પણ જણાવેલ છે.

શ્રી રધ્ધેશ્વર મહાદેવ સેવા સમીતી ટ્રસ્ટ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં વધારે માહિતી માટે ભગવાનજીભાઈ ભિમજીયાણી (જેતપુર મો.નં.૯૮૯૮ ૦૯૮૩૯૮), મનોજભાઈ ભિમજીયાણી (મલકાપુર મો.નં.૯૪૨૨૧ ૮૧૪૪૭), લલીતભાઈ ભિમજીયાણી (મલકાપુર મો.નં.૯૦૧૧ ૮૯૦૯૭૯), ભરતભાઈ ભિમજીયાણી (રાજકોટ મો.નં.૯૮૨૪ ૮૪૬૪૯૮)નો સંપર્ક સાધવા જણાવેલ છે.

# વેરાવળમાં પીજીવીસીએલના વ્યાપક દરોડા, ગીર સોમનાથ જીલ્લામાં ત્રાટકેલી ટીમોએ લાખોની વીજચોરી પકડી

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ, તા.૧૭

ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને ગીર સોમનાથ જિલ્લાની વેરાવળ વિભાગીય કચેરી હેઠળના વેરાવળ-પ્રભાસ પાટણ શહેરની પેટા વિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૨૨ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૨૭૨ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૬૨ વીજ જોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૧૭.૯૫ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. માર્ગદર્શન બીડી પરમાર અધીક્ષક ઈજનેર જૂનાગઢ, વી એન કગથરા કાર્યપાલક ઈજનેર વેરાવળ, જે જે કાચા નાયબ ઈજનેર વેરાવળ દ્વારા આપવામાં આવ્યું હતું.

# માંગરોળમાં બંધ પડેલ શિવણ કલાસ શરૂ કરવા માંગ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૧૭

માંગરોળના દરબારગઢ નજીક મહીલા મંડળ દ્વારા બહેનો માટે વર્ષોથી ચલાવાતા શિવણ કલાસ પીડબલ્યુડીની જોખમી અને જર્જરિત બિલ્ડિંગને લીધે સલામતીના એક માત્ર કારણસર છેલ્લા એક વર્ષથી બંધ કરવાની ફરજ પડી છે. નજીવી ફી લઈ ચલાવાતા વર્ગો ફરી શરૂ કરવા માટે કોઈ વ્યવસ્થા ગોઠવવા માંગ ઉઠી છે.


સામાન્ય અને મધ્યમ વર્ગની બહેનો, મહીલાઓ શીખી શકે તેમજ પરિવારને પણ આર્થિક રીતે મદદરૂપ થાય તે માટે શિવણના વર્ગો માટે વર્ષો પહેલા મહીલા સેવા સમાજને શહેરના એમ.જી.રોડ નજીક આવેલી પીડબલ્યુડી હસ્તકની બિલ્ડિંગ ટોકન દરે ફાળવવામાં આવી હતી. ત્યારબાદ અહીં ચાલતા વર્ગોમાં વર્ષો સુધી બહેનોની સારી એવી સંખ્યા જળવાઈ રહી હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ ઈમારતની હાલત અત્યંત જોખમી બની હતી. અનેક જગ્યાએ દિવાલોમાં તિરાડો પડી ચૂકી છે. છતમાંથી મસમોટા પોપડા ખરતા ખીલાસળીઓ બહાર દેખાઈ રહી છે. સીડી પણ અતિશય જર્જરિત હાલતમાં છે. ઈમારત ગમે ત્યારે ઘસી પડે અને જાનહાનિ સર્જાય તેવા સતત ઝંબૂળી રહેલા ભય વચ્ચે




નિરિક્ષણ માટે આવેલા એન્જિનિયરે પણ બિલ્ડિંગ જોખમી હોવાનું સ્પષ્ટ જણાવ્યું હતું. ત્યારે નાછુટકે મંડળને આ વર્ગો બંધ કરવાની ફરજ પડી હતી. વર્ગો બંધ થતાં હાલ અહીં ૩૦ જેટલા સિલાઈ મશીનો પણ ધૂળ ખાઈ રહ્યા છે. હાલમાં વાવાઝોડા સમયે મેઈન રોડ ઉપર આ બિલ્ડિંગના છજાનો અમુક ભાગ પણ પડી ગયો હતો.

આ અંગે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયાને રજૂઆત કરવામાં આવી હતી. તેઓએ પીડબલ્યુડીના અધિકારી સાથે વાત કરી ફરી શિવણના વર્ગો શરૂ કરવા મહીલા મંડળને અન્યત્ર જગ્યા ફાળવવા જણાવ્યું છે. ત્યારે આ બાબતે નક્કર કાર્યવાહી અને સકારાત્મક પરિણામની બહેનો અપેક્ષા રાખી રહી છે.

# રાજ્યના ૩૦થી વધુ સ્થળે શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવની ઉજવણી















## પ્રથમ દિવસે નવરાત્રિ મહોત્સવમાં ટ્રસ્ટીશ્રીઓએ ઉપસ્થિત રહીને મા ખોડલની આરતી ઉતારી : નવ દિવસ સુધી રાજ્યભરમાં ગુંજશે મા ખોડલનો જયનાદ

રાજકોટ, તા.૧૭

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના નેજા હેઠળ નરેશભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં ૩૦થી વધુ સ્થળે શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે તારીખ ૧૫ ઓક્ટોબરથી નવલા નોરતાનો પ્રારંભ થતાં જ શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવને રંગેચંગે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે જ તમામ નવરાત્રિ મહોત્સવમાં હજારો ખેલૈયાઓએ રાસ-ગરબા રમીને મા ખોડલની આરાધના કરી હતી. રાજકોટ શહેરના ચાર ઝોનમાં યોજાઈ રહેલી શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં પ્રથમ નોરતે સંસ્થાના ટ્રસ્ટીઓએ ઉપસ્થિત રહીને મા ખોડલની આરતી ઉતારી હતી. રાજકોટ શહેરમાં શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- નોર્થ ઝોન, શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- વેસ્ટ ઝોન, શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- ઈસ્ટ ઝોન અને શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- સાઉથ ઝોનમાં મા ખોડલની આરતી કરીને નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ આરતીમાં સંસ્થાના ટ્રસ્ટીઓએ હાજરી આપી હતી અને આરતી કરીને મા ખોડલના આશીર્વાદ લીધા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# ઈઝરાયેલ - પેલેસ્ટાઈનની લડાઈ વિશ્વશાંતિ સામે સંકટ

પેલેસ્ટાઈની આતંકી જૂથ હમાસે ઈઝરાયલમાં ઘૂસીને જેવો ભયાવહ હુમલો કર્યો, તે એક પ્રકારનું આક્રમણ જ છે. આ જ કારણ છે કે ઈઝરાયલે તેને યુધ્ધની સંજ્ઞા આપતાં કહ્યુ કે તેના શત્રુઓએ આ યુધ્ધની એવી કિંમત ચૂકવવી પડશે, જેની તેમને કલ્પના પણ નહીં કરી હોય. પેલેસ્ટાઈની આતંકી જૂથ આ પહેલાં પણ ઈઝરાયલમાં હુમલા કરતું રહ્યું છે, પરંતુ યુદ્ઘ જેવો આટલો વ્યાપક હુમલો સંભવતઃ પહેલી વાર છે. આ વખતે હમાસના આતંકીઓ સમુદ્રી અને જમીની માર્ગની સાથે પેરાગ્લાઈડિંગના સહારે પણ ઈઝરાયલી સીમામાં ઘૂસવામાં સફળ રહ્યા. હમાસના આતંકીઓએ ઈઝરાયલમાં હજારો રોકેટ દાગ્યાં અને ત્યાંના નાગરિકો પર અંધાધૂંધ ગોળીઓ વરસાવવાની સાથે લોકોને ઘરોમાં ઘૂસીને માર્યા. તેમણે ઈઝરાયલી સૈનિકોની સાથે મહિલાઓ અને બાળકોને પણ બંધક બનાવીને તેમની હત્યા કરી દીધી. કેટલાક બંધકોને તેઓ પોતાના સાથે પણ લઈ ગયા. જેટલું એ સ્પષ્ટ છે કે હમાસે પૂરતી તૈયારી સાથે ઈઝરાયલ પર હુમલો કર્યો, એટલું જ એ પણ કે ઈઝરાયલી ગુપ્તચર એજન્સીઓને તેની તૈયારીઓની ગંધ ન આવી શકી. આ જ કારણે તેણે ભારે નુક્સાન વેઠવું પડ્યું.

ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે એક એવા સમયે યુદ્ઘ છેડાયું છે જ્યારે સમગ્ર વિશ્વ સમુદાય રશિયા-યુક્રેન યુદ્ઘને કારણે પહેલેથી જ ત્રસ્ત છે. ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે લડાઈએ વિશ્વ શાંતિ માટે એક નવું સંકટ પેદા કરી દીધું છે. આ લડાઈને કારણે વિશ્વ સમુદાયમાં વિભાજનની ખાઈ વધુ પહોળી જ બનશે. તેની અવગણના ન કરી શકાય કે ઈરાનની સાથે સાથે અન્ય કેટલાય ઈસ્લામી દેશોએ હમાસની તરફદારી કરી છે. હમાસની ખોફનાક હરકતે સઉદી અરબ અને ઈઝરાયલ વચ્ચે સંબંધ સ્થપાવાની સંભાવનાઓને ધૂંધળી બનાવવાનું કામ કર્યું છે. એ માનવાનાં ઘણાં કારણો છે કે ઈરાનને સઉદી અરબ અને ઈઝરાયલની નજદિકીઓ ગમતી નહોતી અને એટલે જ તેણે હમાસને ઈઝરાયલ પર આક્રમણ કરવા માટે ઉશ્કેર્યું. જોકે સંયુક્ત રાષ્ટ્રએ હમાસના જઘન્ય હુમલાની નિંદા કરી છે, પરંતુ એમાં શંકા છે કે તે અથવા તેની સુરક્ષા પરિષદ શાંતિ સ્થાપવામાં સક્ષમ થઈ શકશે. એ કહેવામાં વાંધો નહીં કે સુરક્ષા પરિષદ વિભિન્ન દેશો વચ્ચે તણાવ, ટકરાવ અને યુદ્ઘ રોકવામાં નિષ્ફળ છે. એટલા માટે તે અપ્રાસંગિક થતું જાય છે. એ સારું થયું કે ભારતે સ્પષ્ટ રીતે એમ કહ્યું કે આ કઠિન સમયમાં તે ઈઝરાયલ સાથે ઊભું છે. આ સ્પષ્ટતાની જરૂરિયાત એટલા માટે હતી, કારણ કે હમાસનો હુમલો મુંબઈમાં પાકિસ્તાન પ્રાયોજિત આતંકી હુમલાની યાદ દેવડાવી રહ્યો છે. હમાસના આતંકીઓએ ઈઝરાયલમાં ૨૬/૧૧ની જેમ, બલ્કે તેનાથી પણ કેટલાય ગણો ભીષણ હુમલો કર્યો છે. તેણે તેની કિંમત તો ચૂકવવી જ પડશે. એ ઠીક છે કે ભારત પેલેસ્ટાઈનના હિતોના પક્ષમાં છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તે ભીષણ આતંકી હુમલાની નિંદા કરવામાં કોઈ પ્રકારનો સંકોચ કરે.

## નવરાત્રી એટલે માતાજીની પુજા-અર્ચના અને ઉપવાસનું મહા પર્વ....



જૂનાગઢ તા.૧૭ નવરાત્રી આવે એટલે સમગ્ર વાતાવરણ આસ્થા અને શ્રધ્ધાના રંગમાં રંગાય જાય છે. નવરાત્રી ઉપાસના અને આરાધનાનુ પર્વ છે. આ દિવસોમા દરમિયાન ભક્તો માતાના આરાધનામાં લીન થઈ જાય છે. આ તહેવાર દરમિયાન ભક્તો શાંતિ અને સુખ પ્રાપ્તિ માટે વ્રત અને ઉપવાસ રાખે છે. ચારે તરફ એક અનોખો ભક્તિભાવ જોવા મળે છે. ઘટસ્થાપના, દેવી સ્તુતિ, મધુર ઘંટડીઓના રણકાર, દીવા-બત્તી- ધૂપની સુગંધ, આ નવ દિવસ સુધી ચાલતા આ સાધના ઉત્સવ નવરાત્રિનું જ એક ચિત્ર છે. આપણી સંસ્કૃતિમાં નવરાત્રીના તહેવારનું એક વિશેષ મહત્ત્વ છે.

નવરાત્રીમાં જેટલુ મહત્વ માતાના જુદા જુદા સ્વરૂપોની આરાધના નું છે તેટલુ જ મહત્વ માતાની આરાધના દરમિયાન રાખવામાં આવતા વ્રત અને ઉપવાસનુ પણ છે. ઈશ્વરની પ્રાપ્તિ ત્યારે જ શક્ય બને છે જ્યારે બંને બાબતોની પ્રક્રિયાઓનુ પાલન નિયમ અનુસાર કરવામાં આવે. નવરાત્રીમાં ઈશ્વર પ્રત્યેની ભક્તિ અને અધ્યાત્મનો સંગમ થતો જોવા મળે છે. આસો મહિનામાં આવતી આ નવરાત્રીમાં નવ દિવસ ગરબા અને રાસ રચાય છે. આ ઉપરાંત રામલીલા, રામાયણ, ભાગવત પાઠ, જેવા ધાર્મિક અનુષ્ઠાનો થાય છે. અને તેથી જ તો નવરાત્રિ દરમિયાન દરેક વ્યકિત એક નવા ઉત્સાહ અને ઉમંગથી ભરેલો જોવા મળે છે.

### ફુલ્લી એસી વંદે ભારત કરતા વંદે સાધારણ ટ્રેનનું ભાડું ઓછું હશે

# ૨૨ કોચની નોન-એસી વંદે સાધારણ ટ્રેન દોડાવવા તૈયારી



નવી દિલ્હી, તા.૧૭

વંદે ભારત જેવી પ્રીમિયમ ટ્રેનને સફળતા મળ્યા પછી હવે સામાન્ય લોકો માટે રેલવેએ વંદે સાધારણ દોડાવવાનો નિર્ણય લીધો છે. વંદે સાધારણ ૨૨ કોચની નોન-એસી ટ્રેન હશે અને ઓક્ટોબરના અંતથી જ તે શરૂ થઈ જશે. હાલની સામાન્ય ટ્રેનોની તુલનામાં તેમાં વધુ સુવિધા હશે અને વધારે આરામદાયક હશે તેવું રેલવેનું કહેવું છે. આ ઉપરાંત તેના એન્જિનની ડિઝાઈન પણ અલગ હશે. ભારતીય રેલવેએ વંદે સાધારણા પ્રથમ રેકને દોડાવવા માટે તૈયારી કરી લીધી છે. એવું કહેવાય છે કે આ ટ્રેનમાં ૧૮૦૦ પ્રવાસીઓને સમાવી શકાશે અને તેની મહત્તમ ઝડપ ૧૩૦ કિમી પ્રતિ કલાક હશે. આ ટ્રેન વંદે ભારત જેવો જ એક્સપિરિયન્સ આપશે તેમ કહેવાય છે. વંદે સાધારણની ખાસ વાત એ હશે કે તેની સીટ વધારે આરામદાયક અને દેખાવમાં સુંદર હશે. તેમાં મોડર્ન લાઈટ ફિક્સર તથા દરેક સીટ માટે મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ આપવામાં આવશે. ટ્રેનમાં બંને છેડે એન્જિન હશે. એટલે કે તે પુશ એન્ડ પુલ એરેન્જમેન્ટથી ચાલશે. પરિણામે તે ઝડપથી ગતિ પકડી શકશે અને ક્યાંય તેને રિવર્સમાં ચલાવવાની જરૂર નહીં પડે. ૨૨ કોચની આ ટ્રેનની પ્રથમ રેક ઈન્ટીગ્રલ કોચ ફેક્ટરી ખાતે તૈયાર થઈ રહી છે. જે લોકો નોન-એસી ટ્રેનમાં પ્રવાસ કરવા માગે છે અથવા રિઝર્વેશન વગર મુસાફરી કરવી છે તેમના માટે આ ટ્રેન બહુ ઉપયોગી બનશે અને બર્થ એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે જેથી વધુમાં વધુ આરામ મળે. આ ટ્રેનનું ઈન્ટિરિયર હાલના જનરલ કોચ જેવું જ છે. પરંતુ તેની પેનલ, એલઈડી લાઈટ, ફેન અને સ્વિચને આધુનિક ડિઝાઈન આપવામાં આવી છે. આ ટ્રેનના દરેક કોચમાં વિકલાંગ લોકો માટે એક ખાસ ટોઈલેટ પણ હશે. આ ઉપરાંત એક પબ્લિક એડ્રેસ સિસ્ટમ હશે. ટ્રેન કોઈ પણ સ્ટેશન પરથી ઉપડે ત્યારે તેને ગતિ પકડવામાં વાર લાગતી હોય છે.

પરંતુ વંદે ભારતની જેમ વંદે સાધારણમાં પણ આગળ અને પાછળ બંને જગ્યાએ લોકોમોટિવ હોવાથી તે પુશ અને પુલ મિકેનિઝમ પર કાર કરશે. તેથી ટ્રેન બહુ ઝડપથી તેની મેક્સિમમ ઝડપ પ્રાપ્ત કરી લેશે. આ ટ્રેનના કોચને પર્મેનન્ટ કપલરથી જોડવામાં આવશે જેથી ટ્રેન દોડશે ત્યારે આંચકા નહીં આવે. વંદે સાધારણ એક અપગ્રેડ કરાયેલી ટ્રેન હશે જેમાં વંદે ભારત જેવા જ સેકન્ડ ક્લાસ સ્લીપર કોચ અને સેકન્ડ ક્લાસ અનરિઝર્વ્ડ કોચિસ હશે. ટ્રેનના ૨૨ કોચમાં લગેજ વેન, જનરલ સેકન્ડ ક્લાસ કોચ, નોન-એસી સ્લીપર કોચ હશે. ચાલુ મહિનાના અંત સુધીમાં આ ટ્રેનનું ટેસ્ટિંગ પૂર્ણ થઈ જવાની શક્યતા છે.

# સ્ટેલર કામકાજો તથા બિનસમાંતર વૃદ્ધિનાં ૨૫ વર્ષ ઊજવતું મુંદ્રા પોર્ટ




મુંદ્રા, તા.૧૭

મુંદ્રા પોર્ટ દ્વારા મેળવાયેલી સિદ્ધિની પ્રશંસા થઈ રહી છે. ૨૬૦ એમએમટીથી વધારેની ક્ષમતા સાથે વિશ્વનાં સૌથી મોટાં પોર્ટમાં તેણે સ્થાન મેળવ્યું છે. ભારતના મેરિટાઈમ કાર્ગોના લગભગ ૧૧ ટકા એટલે કે નાણાંકીય વર્ષ ૨૦૨૩ દરમિયાન તેણે ૧૫૫ એમએમટીથી વધારે હેન્ડલ કર્યા છે. ભારતભરનાં કન્ટેઈનર ટ્રાફિકના પ્રવાહના ૩૩ ટકા કન્ટેઈનર ટ્રાફિક માટે તે એક્ઝીમ ગેટવે છે. શરૂઆત કર્યા બાદથી રાજ્ય અને રાષ્ટ્રના રાજકોષમાં રૂ.૨.૨૫ લાખ કરોડથી વધારેનો ફાળો એણે આપ્યો છે. છેલ્લાં ૨૫ વર્ષોમાં ૭.૫ કરોડથી વધારે માનવદિનનું સર્જન કર્યું છે.

મુંદ્રા પોર્ટની આ પચીસ વર્ષની ઉપલબ્ધિ એ છે કે વિશ્વભરનાં સૌથી મોટાં પોર્ટમાં ગણતરી પામીનો પણ તેણે રોજગાર અને વિકાસ બંને દિશામાં નોંધપાત્ર કામ કરવાનું વલણ જારી રાખ્યું છે. તા. ૭ ઑક્ટોબર ૧૯૯૮ના રોજ શરૂ થયેલી વિકાસયાત્રામાં તેણે પોતાનો વિઝનરી દૃષ્ટિકોણ સ્પષ્ટ કર્યો છે. એક નિર્ણાયક ગેટવે તરીકે ઊભરી આવીને મુંદ્રા પોર્ટે વેપાર અને આર્થિક વિકાસને વેગ આપ્યો છે. રાજ્ય તથા દેશના આર્થિક વિકાસના માળખામાં તેનું યોગદાન રહ્યું છે. પ્રારંભથી જ તેણે આજ સુધીમાં ૭.૫ કરોડ માનવદિનની રોજગારી પૂરી પાડી છે.

૧૯૯૮માં નાના પાયે શરૂઆત કરીને તેણે વર્ષ ૨૦૧૪ સુધીમાં તો ૧૦૦ એમએમટી સુધી હેન્ડલ કરવાની ક્ષમતા મેળવી લીધી હતી, જે ભારતભરમાં સૌપ્રથમ અને એકમાત્ર ક્ષમતા હતી, જે આજે પણ યથાવત્ છે. ભારતના કન્ટેઈનર ટ્રાફિકનો ૩૩ ટકા પ્રવાહ આ પોર્ટથી થાય છે.

આ પ્રસંગે બોલતાં અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, મુંદ્રા મારા માટે એક પોર્ટથી વિશેષ ઘણું બધું છે. ભારતની આગેકૂચમાં ફાળો આપી શકે તેવી એક દીવાદાંડી બનાવવાનું અમારું સ્વપ્નું હતું. આ પ્રવાસમાં અમારી સાથે ખભેખભો મિલાવીને ચાલનારા દરેક સ્ટેકહોલ્ડરે અમારામાં વિશ્વાસ મૂક્યો છે અને એમાં આ પ્રતિબદ્ધતા દેખાય છે. અમે માત્ર પોર્ટ નહીં બલકે વિશ્વકક્ષાએ ઉત્તમતાનું એક પ્રતીકચિહ્ન ઊભું કર્યું છે, જેમાં સમગ્ર પ્રાંતના નવનિર્માણની અને નવીન બ્લૂપ્રિન્ટ દેખાય છે.

સીઈઓ તથા હોલટાઈમ ડિરેક્ટર કરણ અદાણીએ જણાવ્યું હતું કે, મુંદ્રા આજે વિશ્વકક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગણતરી પામે છે અને ગૌતમ અદાણી જેવા પ્રારંભિક આગેવાનોના ઉચ્ચ વિચારો તથા દીર્ઘદૃષ્ટિમાં કદી અટકવાનું નહીં એવા નિર્ધાર સાથે આગેકૂચ આમાં દેખાય છે. માત્ર ૨૫ વર્ષમાં જ આપણને મુંદ્રામાં વિવિધ ક્ષેત્રે જબરદસ્ત વિકાસ દેખાય છે. એક સમયે જે સાવ ઉજ્જડ હતું તે આજે ભારતનું એક્ઝિમ ગેટવે છે અને વેપાર વાણિજ્ય માટે વૈશ્વિક બજાર બની ગયું છે. અને મારે કહેવું જોઈએ કે હજી તો પ્રવાસનો પ્રારંભ જ થયો છે, એમ તેમણે જણાવ્યું હતું.

ભારતના સૌથી મોટા વ્યાવસાયિક પોર્ટ તરીકે મુંદ્રા ૩૫,૦૦૦ એકરથી વધારેમાં ફેલાઈને સૌથી મોટા કોલસા, કુદરતી વાયુ અને ઓટો ટર્મીનલ સહિતની કામગીરી કરે છે. મુખ્ય વૈશ્વિક શિપિંગ લાઈનો તેની પસંદગી કરે છે.

સાથોસાથ, મુંદ્રા પોર્ટ દ્વારા પર્યાવરણીય જાગૃતિની પ્રવૃત્તિઓ પણ શરૂ કરાઈ છે. મેંગ્રોવ તથા અન્ય વૃક્ષોની જાળવણી તથા લગભગ ૬૦૦૦ હેક્ટર જમીનમાં ૧૭.૫ મિલિયન વૃક્ષારોપણ કરીને તેણે આ જવાબદારી નિભાવી છે. હજી વર્ષ ૨૦૩૦ સુધીમાં તે વધુ ૪ મિલિયન વૃક્ષો વાવવાનું આયોજન કરે છે. આ ઉપરાંત અદાણી ફાઉન્ડેશન દ્વારા મુંદ્રા તથા કચ્છના વિવિધ વિસ્તારોનાં ૧૧૩ ગામોના ૩.૫૩ લાખ લોકોના જીવનમાં પડઘો પાડવામાં આવ્યો છે. અદાણી ફાઉન્ડેશને આ વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઉત્તમ સેવાઓ પૂરી પાડી છે. બિઝનેસમાં વૃદ્ધિ અને સામાજિક જવાબદારી-ના આ ગ્રુપના સિદ્ધાંતનો આમાં પડઘો પડે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

એકવાર અવિશ્વાસુ નિવડેલાનો કદીય વિશ્વાસ ન કરવો.

- પંચતંત્ર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો સુદ-૩, તા.૧૭ ઓક્ટોબર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૧, વિશાખા નક્ષત્ર, પ્રીતિ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૪૯, સૂ.અ.૬:૨૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), બપોરે ૨:૧૮ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક લાભની તક મળે. પરિશ્રમનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો.
વૃષભ: મન પ્રફુલિત રહે. કાર્યબોજમાં વધારો થાય.
મિથુન: અગત્યની મુલાકાત સફળ નીવડે. રોકાયેલા નાણાં છૂટા થાય.
કર્ક: વ્યર્થ વાદ-વિવાદના ભોગ બનવું પડે. આર્થિક સમસ્યા રહે.
સિંહ: કૌટુંબિક પ્રશ્નો ગુંચવાય. કાર્યમાં અવરોધ જણાય.
કન્યા: પુરૂષાર્થથી શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. લાભની તક સાંપડે.
તુલા: મનની મનમાં રહી જાય. વ્યર્થ ક્રોધ અનુભવાય.
વૃશ્ચિક: આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
ધન: જાહેરક્ષેત્રને લગતા કાર્યમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
મકર: ધીરજના ફળ મીઠા મળે. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કુંભ: ધંધાકીય ક્ષેત્રે સફળતાની તક પ્રાપ્ત થાય. અટકેલા કાર્યો આગળ ધપે.
મીન: વિરોધીઓને કારણે કાર્યમાં રૂકાવટ આવે. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૧૬-૧૦-૨૦૨૩ થી ૨૨-૧૦-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન હિમ્મત અને સ્વાસ્થય ટકાવી રાખવા હિતાવહ. દ્રઢતા અને મક્કમતા કેળવવા માનસિક સ્વાસ્થય જાળવી શકશો તો પરિસ્થિતની સાનુકૂળતા રહેશે. નાણાંકીય મૂંઝવણ રહ્યા કરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાતને અટકેલા લાભો મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. મળેલી તકને ઝડપી લેવી. કૌટુંબિક પ્રશ્નોને કારણે મનમાં અશાંતિ રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સમય દરમિયાન માનસિક ઉત્પાત કે અજંપો વર્તાય. આત્મવિશ્વાસ અડગ રાખવું. તમારા વિચારો અને સિધ્ધાંતોને વળગી ન રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી દ્વારા યશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વક અને સહનશીલતાસભર વર્તન કરવું. સંતાનો સાથે સારૂં રહે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એક બાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે જેથી નાણાંભીડનો સામનો કરવો પડે. નોકરી ક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકશો નહીં. વિરોધીઓના કારણે વિઘ્નો આવે. વેપાર-ધંધા ક્ષેત્રે પણ સંઘર્ષમય સ્થિતિ રહે. દામ્પત્યજીવનમાં સાનુકૂળતા અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારું રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન અકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે. મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવું. નાણાંકીય જવાબદારી વધે, આવક કરતા જાવક વધે. આ સમય દરમિયાન નાણાંનુ રોકાણકરવું નહિં કે મોટા સાહસમાં ન પડવું હિતાવહ. નોકરીયાત માટે આ સમય સારો છે. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો કે સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે. જીવનસાથીનો સહકાર મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અનુભવાય. બેચેની રહે, મનને પ્રવૃત્તિમાં રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું અને ઉતાવળીયા નિર્ણયો ન લેવા. ઉપરી અધિકારીથી ચકમક ઝરે. મિલ્કત અંગેના પ્રશ્નો યથાવત રહે. ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય. આરોગ્ય એકંદરે સારું રહે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકશો. સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય રીતે મૂંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય. વિરોધીઓના હાથ વડે નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થીજીવનમાં સંવાદીતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને. આરોગ્ય સારું રહે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે. નવિન તકો આવે તેને વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડી ગુંચવાય. ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારા કાર્યો અટકે નહીં. નોકરી-ધંધા ક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેને તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય, હિતશત્રુઓથી સાવધ રહેવું. ધીરજ અને સંયમ રાખવું. સ્વજનો સાથે મતભેદ રહે. કુનેહપૂર્વકનું વર્તન રાખવું અને આરોગ્ય જાળવવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો. આત્મવિશ્વાસમાં વધારો થાય. વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટે આયોજન થાય. નોકરીયાત માટે સારું રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓના કારણે વિઘ્નો આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુ સાથે વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે. અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિંતો ગૃહસ્થીજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાકીય કાર્યો પાર પડે. ખર્ચ વધે, નોકરીયાત વર્ગ માટે સાનુકૂળતાસભર સમય. ઉપરી અધિકારીઓનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાડુંઓની મદદ મળે. જીવનસાથી સાથે સમજદારીભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય. તબિયત એકંદરે સારી રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી ચાલી આવતી અશાંતિ દૂર થાય. સાનુકૂળતા સભર સમય. વધારાની આવક ઊભી થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલીના પ્રશ્નોનો હલ થાય. મહત્વની કામગીરી અંગે યશ મળે. કૌટુંબિક પ્રશ્નો હલ થાય. જીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. તબિયત સારી રહે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય ક્ષેત્રે સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચમાં થોડો વધારો થતા નાણાંકીય મૂંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત માટે સારો સમય છે છતાં પણ સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ. દામ્પત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકાર ભર્યું વાતાવરણ રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય અને મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત વર્ગ માટે મિશ્ર સમય. વાણી સંયમ જાળવવો હિતાવહ. ગૃહસ્થીજીવનમાં મતભેદ રહે.

# રાજયના ધો.૧૦-૧૨ના સવા લાખ વિદ્યાર્થીઓને નિયમ ફેરફારથી લાભ થશે

**ધોરણ-૧૦માં બેના બદલે ત્રણ અને સામાન્ય પ્રવાહમાં એકના બદલે બે વિષયમાં નાપાસ પૂરક પરીક્ષા આપી શકશે**




અમદાવાદ, તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આગામી માર્ચ-૨૦૨૪માં લેવાનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં નાપાસ થયેલા સવા લાખ જેટલા વિદ્યાર્થીઓને નવા નિયમના લીધે લાભ મળશે. અગાઉના નિયમ પ્રમાણે આ વિદ્યાર્થીઓ એક વર્ષ પછી પરીક્ષા આપી શકે તેમ હતા. પરંતુ હવે નિયમમાં ફેરફારના પગલે તેમને પાસ થવા માટે વધુ એક તક મળશે. ધોરણ-૧૨ સાયન્સમાં હવે ગમે તેટલા વિષયમાં નાપાસ વિદ્યાર્થી પણ પુરક પરીક્ષા આપી શકશે. જ્યારે ધોરણ-૧૦માં બેના બદલે હવે ૩ વિષય અને ધોરણ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧ના બદલે ૨ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર બોર્ડના છેલ્લા પરિણામ ઉપર નજર કરીએ તો ધોરણ-૧૨ સાયન્સમાં એક વિષય અને બે વિષયમાં મળી કુલ ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક બન્યા હતા. જ્યારે ધોરણ-૧૦માં ૨.૦૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક બન્યા હતા. આમ ધોરણ-૧૦ અને ૧૨ના મળી કુલ ૨.૪૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક બન્યા હતા. આ સિવાય નાપાસ થયેલા અન્ય તમામ વિદ્યાર્થીઓને ફરી માર્ચમાં જ પરીક્ષા આપવાની તક મળશે. જો કે તાજેતરમાં સરકાર દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાને લઈને કેટલાક મહત્વના નિર્ણય કર્યા હતા. જેમાં ધોરણ-૧૨ સાયન્સમાં ગમે તેટલા વિષયમાં નાપાસ હોય અથવા તો વિદ્યાર્થી પરિણામ સુધારવા માંગતો હોય તો તેના માટે જૂલાઈ માસમાં તમામ વિષયની પુરક પરીક્ષા લેવાનું નક્કી કર્યું છે. ઉપરાંત ધોરણ-૧૦માં અત્યાર સુધી ૨ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવાતી હતી તેના બદલે હવેથી ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પણ પુરક પરીક્ષા આપી શકશે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧ વિષયના બદલે હવે ૨ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકશે. સરકારના આ નિર્ણયથી રાજયના સવા લાખ જેટલા વધુ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક બનશે. ગત પરિણામની વાત કરીએ તો, ધોરણ-૧૨ સાયન્સમાં એક વિષય અને બે વિષયમાં મળી કુલ ૧૦ હજાર પાસ હતા. પરંતુ બાકીના વિષયોના ૨૮ હજાર વિદ્યાર્થી નાપાસ હતા. આમ હવે આ ૨૮ હજાર વિદ્યાર્થીઓ પણ પુરક પરીક્ષા માટે લાયક બનશે. આ જ રીતે ધોરણ-૧૦માં એક અને બે વિષયના મળી કુલ ૨.૦૨ લાખ વિદ્યાર્થી પુરક પરીક્ષા માટે લાયક હતા. પરંતુ હવે ૩ વિષયમાં નાપાસ થયેલા પણ પરીક્ષા આપી શકશે. જેથી છેલ્લા પરિણામમાં ધોરણ-૧૦ના ૭૨ હજાર વિદ્યાર્થીઓ ૩ વિષયમાં નાપાસ થયા હોય તેમને પણ પરીક્ષા આપવા મળશે.

# ગુજરાતમાંથી ફરી પકડાયું નકલી માર્કશીટ બનાવી વેચવાનું કૌભાંડ

**નકલી માર્કશીટો બનાવી વેચી : ITI બોર્ડની માર્કશીટ માટે રૂા.૩૦થી ૩૫ હજાર વસૂલતા**

અમદાવાદ,તા.૧૭

ગુજરાતમાંથી ફરી નકલી માર્કશીટનું કૌભાંડ ઝડપાયું છે ભરૂચ એલસીબીએ અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલ રાધે ક્રિષ્ના રેસિડેન્સીમાં રહેતા યુવાન સહિત બે ઈસમોને નકલી માર્કશીટ કૌભાંડમાં ઝડપી પાડી ૪૫ માર્કશીટની પ્રિન્ટ મળી કુલ ૨૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ જૂલાઈ મહિનામાં મહેસાણાથી નકલી માર્કશીટનુ કૌભાંડ પકડાયું હતું. ભરૂચ એલસીબીના સ્ટાફને બાતમી મળી હતી કે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલ રાધે ક્રિષ્ના રેસિડેન્સીમાં રહેતો નિરંજન નિર્મળ રાય આઈટીઆઈની અલગ અલગ માર્કશીટ બનાવી આપે છે અને ડૉક્યુમેન્ટની તેના ફોનમાં છે. હાલ તે સજજન ઈન્ડિયા કંપનીમાં હાજર છે. બાતમીના આધારે પોલીસે કંપની બહાર જઈ તેને બહાર બોલાવી તેની પાસે રહેલ ફોન ચેક કરતાં તેમાંથી અંકલેશ્વર આઈટીઆઈ અલગ અલગ માર્કશીટ અને ગુજરાત બોર્ડની ધોરણ-૧૦ તેમજ ઉત્તર પ્રદેશ શિક્ષણ બોર્ડની પી.ડી.એફ ફાઈલો મળી આવી હતી. પોલીસે તેની વધુ પૂછપરછ કરતાં તેણે એક માર્કશીટ પાછળ પથી ૧૦ હજાર રૂપિયા લેવા સાથે આ કૌભાંડમાં કોસમડી ગામની સાઈ શ્રધ્ધા રેસિડેન્સીમાં રહેતો તેનો મિત્ર વિવેકસિંગ મદનસિંગ ગ્રાહક શોધી આપતો હોવાનું જણાવ્યુ હતું. પોલીસે આઈટીઆઈની અલગ અલગ માર્કશીટ અંગે વિવેકને પૂછતાં તેણે પાનોલી જી.આઈ.ડી.સીની કંપનીઓમાં નોકરી કરી હોવાથી જરૂરિયાત મુજબ યુવાનો પાસેથી ૧૦થી ૧૨ હજાર લઈ નકલી માર્કશીટ બનાવી આપતા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે બંને ઈસમોની શંકાસ્પદ રીતે અટકાયત કરી ૪૫ માર્કશીટની પ્રિન્ટ અને બે ફોન મળી કુલ ૨૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બંને ઈસમોએ પાંચ વર્ષમાં ૩૦થી ૩૫ નકલી માર્કશીટ બનાવી હોવાનું પણ કબૂલાત કરી છે.

**વાયબ્રન્ટ ગુજરાત વાયબ્રન્ટ જૂનાગઢ હેઠળ પ્રિ-સમિટ યોજાઈ**

# જૂનાગઢ જિલ્લામાં ૧૨૦૦ કરોડ રૂા.ના નવા રોકાણ આવશે : ૫૦૦૦ કરોડ રૂા.ની નિકાસ

ગાંધીનગર, તા.૧૭

વર્ષ ૨૦૨૫માં જૂનાગઢ ૫૦૦૦ કરોડની નિકાસ કરશેઃ કેરી સહિત બાગાયતી અને કૃષિ આધારિત પેદાશો અને પ્રવાસન ઉદ્યોગને વેગ મળે તે માટે આયોજન નવા એમઓયુથી જૂનાગઢ જિલ્લાના ૨૦૦૦ યુવાઓને રોજગારીની તક મળશે. વાઈબ્રન્ટ ગુજરાતવાયબ્રન્ટ જુનાગઢ અંતર્ગત આજે જૂનાગઢમાં ઉદ્યોગકારોને રોકાણ માટે પૂરતું વાતાવરણ મળી રહે તે હેતુથી તેમજ રાજયની યોજાનારી વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪ની સમિટ અંતર્ગત જિલ્લા કક્ષાનો વાઈબ્રન્ટનો કાર્યક્રમ લિયો રિસોર્ટમાં યોજાયો હતો. ગુજરાત વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૪ના સંદર્ભમાં કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે જુનાગઢ જિલ્લામાં કૃષિ, બાગાયત, પ્રવાસન અને ફીસરીઝ ક્ષેત્રે વિકાસની તકો રહેલી છે. ઉદ્યોગકારોને જૂનાગઢ જિલ્લામાં વિવિધ સુવિધા મળી રહે અને નવી ઈન્ડસ્ટ્રીઝ અને વિકાસને લીધે યુવાઓને રોજગારી મળે તે માટે રાજ્ય સરકાર અને સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર કટિબદ્ધ છે. જુનાગઢ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ થાય તે માટે જરૂરી માળખાગત સવલતો પણ વધારવામાં આવશે અને રાજ્ય સરકારની વિકાસની નીતિના ભાગરૂપે સૌને સાથે રાખીને ચેમ્બર કોમર્સ તેમજ ઉદ્યોગકારોના મંડળો વિગેરે સાથે સંકલન કરીને વધુને વધુ વિકાસ થાય તે માટે આયોજન છે. મંત્રીએ જણાવ્યું હતું કે જુનાગઢ જિલ્લામાં ૧૨૦૦ કરોડના એમ.ઓ.યુ થયા છે. જુનાગઢમાં થનાર ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે આ રોકાણ થી અંદાજે ૨૦૦૦ જેટલા લોકોને રોજગારી મળવાની સંભાવના છે. જૂનાગઢમાં ઔદ્યોગિક વિકાસ અને પ્રવાસનની પણ વિપુલ તકો રહેલી છે. જૂનાગઢ જિલ્લાના ઔદ્યોગિક વિકાસ માટે તેમજ માળખાગત વિકાસ માટે જિલ્લા ની ટીમ તૈયાર છે. જુદી જુદી યોજનાઓનો લાભ આપીને ગૃહ ઉદ્યોગ અને અન્ય ઈન્ડસ્ટ્રીઝ ને અનુકૂળતા રહે તેમજ વિવિધ સુવિધા મળે તે માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. ગયા વર્ષે જૂનાગઢમાં નિકાસ ૪૦૦૦ કરોડની થઈ હતી જે આગામી એકાદ વર્ષમાં ૫,૦૦૦ કરોડની થશે. આ માટે સરકાર દ્વારા સફળતાપૂર્વક પ્રયાસ કરી નવા ઉદ્યોગ કારોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે ડી.જી.એફ.ટીના રોહિત સોનીએ નવી ફોરેન ટ્રેડ પોલીસી અંગે સૌને જાણકારી આપી હતી. જુનાગઢ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારી જયસ્વાલે જૂનાગઢમાં ઉદ્યોગો માટે રહેલી તકોનું પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી જાણકારી આપી હતી.

# મેરીલેન્ડમાં ડો. આંબેડકરની સૌથી ઊંચી પ્રતિમાનું અનાવરણ

**ભારત બાદ હવે દુનિયાના સૌથી વિકસિત દેશ અમેરિકામાં પણ જય ભીમના નારા ગૂંજવા લાગ્યા છે**

મેરીલેન્ડ તા.૧૭

ભારત બાદ હવે દુનિયાના સૌથી વિકસિત દેશ અમેરિકામાં પણ જય ભીમના નારા ગુંજવા લાગ્યા છે. તેના કારણે ભારતની બહાર ભારતીય સંવિધાન નિર્માતા ડો. ભીમરાવ આંબેડકરની સૌથી મોટી પ્રતિમાનું ઔપચારિક રીતે અનાવરણ અમેરિકાના મેરીલેન્ડ શહેરમાં કર્યું છે. તાજેતરમાં ૧૯ ફુટ ઊંચી આ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે. તેનું નામ સ્ટેચ્યૂ ઓફ ઈક્વાલિટી એટલે કે, સમાનતાની પ્રતિમા આપવામાં આવ્યું છે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, આ દરમ્યાન અમેરિકાના વિવિધ ભાગમાંથી ૫૦૦થી વધારે ભારતીય- અમેરિકી નાગરિકો ઉપરાંત ભારતથી અને અન્ય દેશોમાંથી કેટલાય લોકો સામેલ થયા હતા અનાવરણના સમયે હાજર લોકોએ જય ભીમના નારા પણ લગાવ્યા હતા. દેશના અલગ અલગ ભાગમાંથી આવેલા ભારતીયઅમેરિકનોએ ત્યાં કેટલાય પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા તો વળી અમેરિકામાં આંબેડકરવાદી આંદોલનનું નેતૃત્વ કરનારા દિલીપ મ્હાસ્કેએ કાર્યક્રમમાં ભાગ લેતા કહ્યું કે, સ્ટેચ્યૂ ઓફ ઈક્વાલિટી ૧.૪ અબજ ભારતીયો અને ૪.૫ મિલિયન ભારતીય અમેરિકનોનું પ્રતિનિધિત્વ કરશે. દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની છે. તેને સ્ટેચ્યૂ ઓફ યૂનિટીનું નામ આપવામાં આવ્યું છે. જેને પ્રસિદ્ધ કલાકાર અને મૂર્તિકાર રામ સુતારે બનાવી છે. સ્ટેચ્યૂ ઓફ યૂનિટી ગુજરાતમાં સરદાર સરોવર ડેમની નીચે અને નર્મદાના એક દ્વિપ ઉપર સ્થાપિત કરેલી છે. તેમણે જ અમેરિકામાં ભીમરાવ આંબેડકરની સૌથી ઊંચી પ્રતિમા બનાવી છે. અમેરિકામાં ડોક્ટર ભીમરાવ આંબેડકરની પ્રતિમાનું અનાવરણ ૧૪ ઓક્ટોબરની તારીખ પસંદ કરવા પાછળનું ખાસ કારણ છે. સ્વતંત્ર ભારતમાં પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરૂના પ્રથમ મંત્રીમંડળમાં ડો. આંબેડકરને કાનૂન અને ન્યાય મંત્રી બનાવ્યા હતા. બાદમાં આંબેડકરે ૧૪ ઓક્ટોબર ૧૯૫૬ના રોજ પોતાના સમર્થકો સાથે બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો. તેમના બૌધ્ધ ધર્મ અપનાવવાની તારીખ અને મેરીલેન્ડમાં પ્રતિમાનું અનાવરણની તારીખ એક રાખવામાં આવી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ભવન વ્હાઈટ હાઉસથી સ્ટેચ્યૂ ઓફ ઈક્વાલિટી દક્ષિણમાં લગભગ ૨૨ માઈલ દૂર છે. ૧૩ એકરમાં બનેલા આ સેન્ટર પ્રતિમા ઉપરાંત લાઈબ્રેરી, કન્વેંશન સેન્ટર અને બુદ્ધ ગાર્ડન પણ છે. આપને જણાવી દઈએ કે, ડોક્ટર ભીમરાવ આંબેડરનો જન્મ ૧૪ એપ્રિલ ૧૮૯૧માં થયો હતો. તેઓ ભારતની સંવિધાન સભાના ડ્રફ્ટિંગ કમિટિના અધ્યક્ષ પણ હતા.

# ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા પદ્ધતિમાં આમુલ પરિવર્તન આવી રહ્યા છે, હવે બોર્ડની પરીક્ષા ફરી આપવાના વિકલ્પો હશે

**દેશમાં સ્કીલ બેઝ અભ્યાસ, વિદ્યાર્થીઓનો ઓછું દબાણ, માતૃભાષામાં શિક્ષણ સહિતની બાબતોને ઉત્તેજન આપતી નવી રાષ્ટ્રીય નીતિ ઘડવામાં આવી છે અને દેશમાં તેની જોગવાઈઓનો અમલ કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા એક મહત્ત્વનું પગલું ઉઠાવવામાં આવ્યું છે અને તે મુજબ હવે બોર્ડના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાઓ માત્ર એક વખત જ નહિ પરંતુ બે વખત આપવાના વિકલ્પો આપવામાં આવ્યા છે. નેશનલ કરીક્યુલમ ફ્રેમવર્ક એટલે કે એનસીએફ દ્વારા આ બાબતની દરખાસ્ત મૂકી દેવામાં આવી છે. ગુજરાત બોર્ડની શાળાઓમાં ધોરણ-૧૨ સાયન્સમાં વિદ્યાર્થીઓને રાહત આપતા સમાચાર આવી રહ્યા છે કે તેઓની બોર્ડની પરીક્ષા બે વખત લેવામાં આવશે. જે પરીક્ષાના વધારે માર્ક હશે તે જ ધ્યાનમાં લેવામાં આવશે. સાયન્સના વિદ્યાર્થીઓને ખોટી ચિંતામાંથી મળશે મુક્તિ.**

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા આગામી ૨૦૨૪માં લેવાનારી પરીક્ષાઓની જાહેરાત કરી દેવામાં આવી છે અને આ બાબતે રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા પણ એક પછી એક પગલા લેવાઈ રહ્યા છે. દેશમાં વર્ષ ૨૦૨૦માં નવી શિક્ષણ નીતિ લાગુ કરવામાં આવી છે તેનો તબક્કાવાર અમલ કરવામાં આવી રહ્યો છે. ત્યારે હવે ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને પાસ થવા માટે વધુ વિકલ્પો મળી રહે તે માટે વિદ્યાર્થીઓના હિતમાં એક પછી એક આયોજનો અને નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. હાલમાં જ આ લખાઈ રહ્યું છે ત્યારે ગુજરાત બોર્ડની શાળાઓમાં ધોરણ-૧૨ સાયન્સમાં વિદ્યાર્થીઓને રાહત આપતા સમાચાર આવી રહ્યા છે કે તેઓની બોર્ડની પરીક્ષા બે વખત લેવામાં આવશે. પરંતુ તે બાબતે હજુ શિક્ષણ બોર્ડ તરફથી ચોક્કસ ખુલાસો કરવાનો બાકી છે. પરંતુ એક વાત નક્કી છે કે તેનો અમલ આજે નહી તો કાલે થશે જ.

રાજ્ય સરકારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં પૂરક પરીક્ષાઓમાં વિષયોમાં વધારો કર્યો છે એટલે કે હવે તેઓ જો મુખ્ય પરીક્ષામાં અસફળ રહ્યા હોય તો એકથી વધુ વિષયોની પૂરક પરીક્ષા આપી શકશે. બીજી બાજુ વર્ણનાત્મક પ્રશ્નોના બદલે વૈકલ્પિક પ્રશ્નો ઉપર પણ ભાર મુકવામાં આવ્યો છે. તો ચાલો આજે આપણે સમજીએ પરીક્ષાની નવી પદ્ધતિ વિશે કે જે આગામી વર્ષ ૨૦૨૪થી જ લાગુ કરવામાં આવનાર છે.

દેશમાં સ્કીલ બેઝ અભ્યાસ, વિદ્યાર્થીઓનો ઓછું દબાણ, માતૃભાષામાં શિક્ષણ સહિતની બાબતોને ઉત્તેજન આપતી નવી રાષ્ટ્રીય નીતિ ઘડવામાં આવી છે અને દેશમાં તેની જોગવાઈઓનો અમલ કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા એક મહત્ત્વનું પગલું ઉઠાવવામાં આવ્યું છે અને તે મુજબ હવે બોર્ડના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાઓ માત્ર એક વખત જ નહિ પરંતુ બે વખત આપવાના વિકલ્પો આપવામાં આવ્યા છે. નેશનલ કરીક્યુલમ ફ્રેમવર્ક એટલે કે એનસીએફ દ્વારા આ બાબતની દરખાસ્ત મુકી દેવામાં આવી છે. શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા પણ આ બાબતે સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જે વિદ્યાર્થીઓ બે વખત પરીક્ષા આપવા માગતા હશે તેઓ આપી શકશે. પરંતુ આ વિકલ્પ ફરજીયાત નથી. બે પૈકી જે પરીક્ષાનો બેસ્ટ સ્કોર હશે તે ધ્યાનમાં લેવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા આ જાહેરાત કરવામાં આવી તેનો મતલબ એ થયો કે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન એટલે કે સીબીએસસી સંચાલિત શાળાઓમાં તો હવે આ નિયમ આવતા વર્ષ ૨૦૨૪થી લાગુ પડી જ જશે. આથી વિદ્યાર્થીઓ હવે તાણ કે ચિંતામાંથી મુક્ત થઈને બે વખત પરીક્ષા આપી શકશે. તેઓનું બેસ્ટ રીઝલ્ટ ધ્યાનમાં લેવામાં આવશે.

નવી શિક્ષણ નીતિને અનુલક્ષીને શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ મંત્રાલય દ્વારા સતત ફેરફારો કરવામાં આવી રહ્યા છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે ગત ઓગષ્ટ મહિનામાં શાળા શિક્ષણ-પરીક્ષાને લઈને મહત્ત્વની જાહેરાત કરી હતી. જે મુજબ હવે બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વખત લેવાશે. જેમાં વિદ્યાર્થીઓ પાસે વિકલ્પ હશે કે તેઓ બંને સત્રોની પરીક્ષામાં શ્રેષ્ઠ માર્કસને અંતિમ ગણી શકે તેઓ નિયમ લાગુ કરવામાં આવતાની સાથે જ બોર્ડની પરીક્ષાઓ વર્ષમાં માત્ર એક જ વખત તમામ બોર્ડ દ્વારા લેવામઆવે છે. તેના બદલે બે વખત લેવાથી વિદ્યાર્થીઓની સમજ અને સ્પર્ધાત્મક સિદ્ધિઓનું મૂલ્યાંકન કરશે. વળી વિદ્યાર્થીઓ પોતાના પસંદગીના વિષયોની પરીક્ષા ફરી વખત આપી શકશે. શિક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવેલા ફેરફારો હેઠળ, ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની સ્ટ્રીમ પસંદ કરવાની ફરજિયાત હવે દૂર કરવામાં આવી છે. હવે આ વર્ગોમાં વિદ્યાર્થીઓ પોતાની પસંદગીના વિષયો પસંદ કરી શકશે. આ સિવાય શિક્ષણ મંત્રાલયે એમ પણ કહ્યું છે કે વિદ્યાર્થીઓએ ૧૧મા અને ૧૨મા ધોરણમાં બે ભાષાઓનો અભ્યાસ કરવો પડશે, ઓછામાં ઓછી એક ભાષા ભારતીય હોવી જોઈએ. ૨૦૨૪માં પાઠ્યપુસ્તકો વિકસાવવામાં આવશે. વર્તમાનપરિસ્થિતિમાં તમામ બોર્ડના અભ્યાસક્રમ મુજબ વિદ્યાર્થીઓએ સાયન્સ, કોમર્સ, આર્ટસ, વોકેશનલ વગેરેમાંથી કોઈપણ એકની પસંદગી કરવાની હોય છે.

**રાજ્યમાં શું ફેરફાર આવી રહ્યા છે ?**

આ તો થઈ કેન્દ્ર લેવલની વાત પરંતુ ગુજરાત બોર્ડ સ્તરે શું થઈ રહ્યું છે તે પણ જાણવું જરૂરી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ



કામગીરીનો ધમધમાટ શરૂ થઈ રહ્યો છે ત્યારે એવા અહેવાલ આવી રહ્યા છે કે ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા પણ બે વખત ગુજરાત બોર્ડ દ્વારા લેવાશે. અલબત્ત આ બાબતે હજુ બોર્ડ સ્પષ્ટતા કરશે પરંતુ જો કેન્દ્રમાં આવો નિયમ લાગુ થયો છે તો રાજ્યમાં પણ થયો છે. અલબત્ત આ બાબતે બોર્ડને ખૂબ જ મોટી તૈયારી કરવી પડે અને બે વખત પરીક્ષા લેવાનું ભગીરથ કાર્ય પાર પાડવું ખાસ્સું અઘરૂં થઈ પડે. જો કે જો બોર્ડની પરીક્ષા બે વખત લેવામાં આવે તો વિદ્યાર્થી અને વાલીઓને ખાસ્સી રાહત રહે તેમ છે અને તેઓ પોતાની જાતને બીજી તક આપવાની છે તેમ માની તાણ અને ચિંતામાંથી મુક્ત રહી શકશે. સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ તમામ અથવા તો પોતાની પસંદગીના વિષયોની ફરી વખત પરીક્ષા આપી શકશે. બીજી બાજુ નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અંતર્ગત મુખ્યમંત્રીએ બેઠક યોજીને બોર્ડની પરીક્ષા અંગે સત્તાવાર રીતે મહત્ત્વના નિર્ણયો જાહેર કર્યા છે. જે મુજબ ધો-૧૦ અને ધો-૧૨સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ હાલ ૨૦ ટકા છે તેને બદલે ૩૦ ટકા અને વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ ૮૦ ટકાને બદલે ૭૦ ટકા કરવામાં આવશે એટલું જ નહીં વર્ણનાત્મક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પને બદલે તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ અપાશે.

આ અંગે શિક્ષણ વિભાગ દ્વારા કરેલી જાહેરાત મુજબ બોર્ડની પરીક્ષામાં પરિણામ બાદ નાપાસ થનારા વિદ્યાર્થીઓનું વર્ષ બગડે નહીં તે માટે પૂરક પરીક્ષા અંગે પણ નિર્ણય કરવામાં આવ્યો છે. જે મુજબ ધો-૧૦માં હાલ નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે બે વિષયોની પૂરક પરીક્ષા લેવામાં આવે છે તેના બદલે હવે આ વર્ષે તેઓ ત્રણ વિષયોની પૂરક પરીક્ષા આપી શકશે. આ ઉપરાંત ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં અનુત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે એક વિષયની પૂરક પરીક્ષા લેવામાં આવે છે તેના બદલે આવા વિદ્યાર્થીઓ હવે બે વિષયની પૂરક પરીક્ષા આપી શકશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વધારે વિષયો હોવાથી વધુ વિષયની પુરક પરીક્ષા લેવાની માગણી ઘણા સમયથી થઈ રહી હતી તે પૂર્ણ થઈ છે.

ઉલ્લેખનીય છે કે ગત વર્ષે બોર્ડની પરીક્ષાનું પરિણામ ખૂબ ઓછું આવ્યું હતું. સરકાર દ્વારા હાલ લેવામાં આવેલા આ મહત્ત્વના નિર્ણયો દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષની બોર્ડની પરીક્ષાના પરિણામમાં સુધારો આવી શકે તેવી શક્યતા છે. આ ઉપરાંત અનેક બેઠકો ખાલી રહે છે તે પણ વિદ્યાર્થીઓની સંખ્યા વધવાની સાથે ભરાઈ જશે. ચાલુ શૈક્ષણિક વર્ષના અંતે લેવાનારી બોર્ડની ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના તમામ વિષયોની પરીક્ષા બાદ તેની પુર્નઃ પરીક્ષા જૂન/ જુલાઈ માસમાં યોજવામાં આવશે. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ સુધારવા ઈચ્છે તો તમામ વિષયોની અથવા તે ઈચ્છે તેટલા વિષયોની પુનઃ પરીક્ષા આપી શકશે તો તેઓને ખૂબ જ ફાયદો છે. બંને પરીક્ષામાંથી જે પરીક્ષાનું પરિણામ વધારે હશે એટલે કે જે બેસ્ટ હશે તે ગ્રાહ્ય રાખવામાં આવશે. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષામાં ૫૦ ટકા MCQ (0MR) યથાવત રાખવામાં આવ્યા છે, તેમજ બાકીના ૫૦ ટકા વર્ણનાત્મક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પને બદલે તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ આપવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો. આ નિર્ણયોનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી કરવામાં આવશે. તો મિત્રો આ હતી ખૂબ જ અગત્યની બાબતો તો હવે અભ્યાસની ખોટી ચિંતા છોડો અને માત્ર અભ્યાસમાં ધ્યાન પરોવો.

# બહાઉદીન સરકારી વિનયન કોલેજ ખાતે ‘સ્વચ્છતા હી સેવા’ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા.૧૭

બહાઉદીન સરકારી વિનયન કોલેજ જૂનાગઢ ખાતે ‘સ્વચ્છતા હી સેવા’ કાર્યક્રમને અનુલક્ષીને કોલેજના એનએસએસ સેલ દ્વારા કોલેજ કેમ્પસ ખાતે સફાઈ અભિયાન તથા પ્લાસ્ટીક કલેકસનની મુહીમ ચલાવવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા કોલેજ કેમ્પસ ખાતેથી વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટીક એકત્રીત કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. આ આયોજનથી વિદ્યાર્થીની સાફ-સફાઈ પ્રત્યેની સંવેદનશીલતા તથા જાગૃતતામાં વધારો થયો હતો. કાર્યક્રમનું આયોજન તથા સંચાલન એનએસએસ સેલના પ્રોગ્રામ ઓફીસર ડો.હાર્દિક રાજયગુરૂ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા બદલ આચાર્ય ડો.પી.વી. બારસીયા દ્વારા સર્વેને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ખંભાળિયા તાલુકામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળીયા તા.૧૭

ખંભાળિયામાં તાલુકા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું સુંદર આયોજન તાલુકાના વિંજલપર ગામે આવેલી મોડેલ સ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ખંભાળિયા તાલુકાના બાળ વૈજ્ઞાનિકો દ્વારા કુલ ૮૫ કૃતિ રજુ કરવામાં આવી હતી.

આ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડુમરાણીયા, મોડેલ સ્કૂલના આચાર્ય ઘેડીયા, બી.આર.સી. કો-ઓર્ડીનેટર પી.એસ. રાણા, રાષ્ટ્રીય શૈક્ષીક સંઘના રાજ્ય કારોબારી સભ્ય રામભાઈ ખુંટી, રાષ્ટ્રીય શૈક્ષીક સંઘના જિલ્લા અધ્યક્ષ ઘેલુભાઈ છૂછર, ઉપાધ્યક્ષ પ્રકાશભાઈ ગોજીયા, શિક્ષક ગ્રાહક શરાફી મંડળીના પ્રમુખ, મંત્રી હરદાસભાઈ કનારા, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ જગદીશભાઈ ડેર, મહામંત્રી હિતેશભાઈ કરમુર, ઉપપ્રમુખ દેવશીભાઈ કરમુર, અહીંના રાષ્ટ્રીય શૈક્ષીક સંઘના મહામંત્રી લક્ષ્મણભાઈ ભોચીયા સાથે સી.આર.સી. ટીમ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન માં ભાગ લીધેલ વિદ્યાર્થી અને માર્ગદર્શક શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.દરેક વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા માટે અહીંના બી.આર.સી. ભવન તરફથી ટ્રોફી, પ્રમાણપત્ર અને એજયુકેશન કીટ આપવામાં આવી હતી. જયારે શિક્ષક ગ્રાહક શરાફી મંડળી, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ, રાષ્ટ્રીય શૈક્ષીક સંઘ તરફથી પણ એજયુકેશન કીટ આપવામાં આવી હતી.

## ખંભાળિયામાં થોભાણી-મપારા પરિવારનો હવન

(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળીયા તા.૧૭

રઘુવંશી જ્ઞાતિના થોભાણી, મપારા પરિવારના કુળદેવી શ્રી સિકોતર માતાજીના મંદિર ખાતે આગામી રવિવાર તારીખ ૨૨ ઓકટોબરના રોજ આઠમ નિમિત્તે નવચંડી હવનનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૫ વાગ્યે હવનનું બીડું હોમવામાં આવશે. ત્યાર બાદ સાંજે ૭ થી ૯ દરમિયાન કુટુંબીજનોના સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાથે રાત્રે ૧૦ વાગ્યે ગાયત્રી ગરબા મંડળ દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવશે. જેમાં સહભાગી થવા સર્વે થોભાણી મપારા પરિવારજનોને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ઉનાના ધારાસભ્યએ બસ સ્ટેન્ડમાં ચાલતી સ્વચ્છતા કામગીરીની સરપ્રાઈઝ મુલાકાત લીધી



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૭

અમરેલી એસ.ટી.ડિવિઝન હેઠળ આવતો ઊના નો એસ.ટી.ડેપો એને ગીર ગઢડાનો કંટ્રોલ પોઈન્ટની સ્વચ્છતા અભિયાન છેલ્લા એક મહિનાથી ઊના ના એસ.ટી. ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ તેમની આગવી સૂઝ બુઝથી આયોજન કરી નિયમિત સફાઈ કરાવી સ્વચ્છ રાખતા હોય અને તમામ એસ.ટી. બસોમાં સફાઈ કરી મુસાફરો માટે રૂટમાં મૂકવામાં આવે છે. તે કામગીરીનું સરપ્રાઈઝ મુલાકાત ઊનાના ધારાસભ્ય કાળુભાઈ સી. રાઠોડ અને ઊના નગર પાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણિયા, નગરપાલિકાના કારો બારી ચેરમેન ધીરૂભાઈ છગ વિગેરે આગેવાનો ઊના એસ.ટી.ડેપો.માં આવી વર્કશોપ, બસ સ્ટેશન પાણીનું પરબ તમામ પ્લેટફોર્મ ચેક કરી સ્વચ્છતા અંગે સંતોષ વ્યક્ત કરેલ હતો અને આગવું આયોજન કરી વહીવટી કામગીરી થી સંતોષ વ્યક્ત કરી ડેપો મેનેજર રાઠોડ અને તમામ કર્મચારીઓ ને બિરદાવી અભિનદન આપેલ હતા.

# ઓલિમ્પિક્સમાં ક્રિકેટનો સમાવેશ ઓલિમ્પિક અભિયાન માટે ગાઢ જોડાણની રચના કરશે" : નીતા એમ. અંબાણી



મુંબઈ, તા.૧૭

આઈ.ઓ.સી.ના સભ્ય નીતા એમ. અંબાણીએ જણાવ્યું હતું કે લોસ એન્જલસ ૨૦૨૮ ઓલિમ્પિક્સ ગેમ્સમાં ક્રિકેટનો સમાવેશ આવકારદાયક છે અને તેનામાં વિશ્વના નવા ભૌગોલિક વિસ્તારોમાં ઓલિમ્પિક અભિયાન માટે અઢળક નવી તકો અને નવી રુચિ આકર્ષિત કરવાની ક્ષમતા રહેલી છે.

મુંબઈમાં ચાલી રહેલા ૧૪૧મા આઈ.ઓ.સી. સત્ર દરમ્યાન ક્રિકેટનો ઓલિમ્પિક રમતોમાં સત્તાવાર રીતે સમાવેશ કરાયા બાદ નીતા એમ. અંબાણીએ કહ્યું કે, “આઈ.ઓ.સી.ના સભ્ય, એક ગૌરવશાળી ભારતીય અને પ્રખર ક્રિકેટ ચાહક તરીકે મને એ વાતનો આનંદ છે કે આઈ.ઓ.સી. સભ્યોએ એલ.એ. સમર ઓલિમ્પિક્સ ૨૦૨૮માં ક્રિકેટનો ઓલિમ્પિક રમત તરીકે સમાવેશ કરવા માટે વોટ આપ્યો છે.’’ આ જાહેરાત અંગે નીતા એમ. અંબાણીના વીડિયો સંદેશને જોવા/ડાઉનલોડ કરવા કૃપા કરીને (હાઈ-રિઝોલ્યુશન અને લો-રિઝોલ્યુશન **https://we.tl/t-wekWfY4qGo**) ઉપર ક્લિક કરો.

ક્રિકેટ અગાઉ ફક્ત એક જ પ્રસંગે છેક વર્ષ ૧૯૦૦ની ઓલિમ્પિક્સમાં જોવા મળી છે જ્યારે ફક્ત બે ટીમે ભાગ લીધો હતો. “ક્રિકેટ વૈશ્વિક સ્તરે સૌથી વધુ લોકપ્રિય રમતોમાંની એક અને વિશ્વમાં બીજી સૌથી વધુ જોવાતી રમત છે. ૧.૪ અબજ ભારતીયો માટે ક્રિકેટ એ માત્ર રમત નથી, તે એક ધર્મ છે!," તેમ નીતા એમ. અંબાણીએ જણાવ્યું હતું.

આઈ.ઓ.સી.ના ઈતિહાસમાં આ ફક્ત ૨જી વખત તેનુંસત્ર ભારતમાં યોજાઈ રહ્યું છે, આપહેલાં તે ૪૦ વર્ષ અગાઉ ભારતમાં યોજાયું હતું. ઓલિમ્પિકસમાં ક્રિકેટનો સમાવેશ કરવાનો ઐતિહાસિક નિર્ણય આ રમતના હાર્દસમા ગણાતા ભારતમાં લેવાયો છે. "આપણા દેશમાં મુંબઈમાં બરાબર અહીં આઈઓસીના એકસો એકતાળીસમા સત્રમાં આ ઐતિહાસિક ઠરાવ પસાર કરાયો તેનો મને ખૂબ આનંદ છે," તેમ નીતા એમ. અંબાણીએ ઉમેર્યું હતું.

નીતા એમ. અંબાણીએ આશા વ્યક્ત કરી હતી કે આ જાહેરાત સાથે વિશ્વભરમાં આ રમતની અપીલમાં નોંધપાત્ર વૃદ્ધિ થશે. “ઓલિમ્પિક્સમાં ક્રિકેટનો સમાવેશ નવા ભૌગોલિક વિસ્તારોમાં ઓલિમ્પિક અભિયાનના ઊંડા જોડાણની રચના કરશે. અને તેની સાથે-સાથે, ક્રિકેટની વધતી આંતરરાષ્ટ્રીય લોકપ્રિયતાને પણ પ્રેરકબળ પૂરૂ પાડશે.’’ આઈ.ઓ.સી. સભ્ય બનનારા પ્રથમ ભારતીય મહિલા નીતા એમ. અંબાણીએ આને ભારત માટે ખૂબ જ આનંદનો દિવસ ગણાવ્યો હતો. “હું આ સીમાચિહ્નરૂપ નિર્ણયના સમર્થન બદલ આઈ.ઓ.સી. અને એલ.એ. ઓર્ગેનાઈઝિંગ કમિટીનો આભાર માની તેમને અભિનંદન પાઠવું છું. આ ખરેખર વિશેષ આનંદ અને ઉલ્લાસનો દિવસ છે!’’ તેમ તેમણે કહ્યું હતું.

## નવરાત્રીના ત્રીજા દિવસે ચંદ્રઘંટા માતાજીની પૂજા કરવામાં આવે છે

જૂનાગઢ તા.૧૭

નવરાત્રીમાં ત્રીજા દિવસે નવદુર્ગા માતાજીના "ચંદ્રઘંટા" રૂપની પૂજા અર્ચના કરવામાં આવે છે. દેવી માંનું શરીર સોનાની જેમ ચમકે છે અને માં ચંદ્રઘંટા તેમના કપાળ પર અર્ધચંદ્રાકાર ધારણ કરે છે અને તેમના હાથમાં ઘંટ છે, તેથી ભક્તો તેમને માં ચંદ્રઘંટા કહે છે. માતા ચંદ્રઘંટાને દસ હાથ છે, તેમના હાથમાં ઘંટ, કમળ, ધનુષ્ય, બાણ, કમંડળ, તલવાર, ત્રિશુલ અને અન્ય શસ્ત્રો છે. દેવી માતાને સફેદ ફૂલ ચઢાવો અને ભોગ તરીકે ખીર ચઢાવો. સફેદ ફૂલોની માળા માતા રાણીને પ્રિય છે. દેવીને દૂધથી બનેલી સફેદ મીઠાઈ અર્પણ કરવી ખૂબ જ ફળદાયી માનવામાં આવે છે.

માં ચંદ્રઘંટાને પ્રસન્ન કરવા માટે એક હાથમાં ગંગાજળ અને બીજા હાથમાં ઘંટડી લઈને આખા ઘરમાં ગંગાજળનો છંટકાવ કરો અને ઘંટડી વગાડીને ચંદ્રઘંટાનું આહ્વાન કરો. પછી દેવી માતાનું ધ્યાન કરો અને તેમની સામે દીવો પ્રગટાવો. શાસ્ત્રો અનુસાર લાલ વસ્ત્ર પહેરીને માં "ચંદ્રઘંટાનું" પૂજન કરવાનો નિયમ છે.

# ચોખાની નિકાસ ડ્યુટીને લઈ કેન્દ્ર સરકારે નવુ નોટિફિકેશન બહાર પાડ્યું

નવીદિલ્હી,તા.૧૭

સરકારે બોઈલ્ડ રાઈસ પરની નિકાસ ડ્યૂટી ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી લંબાવી છે. નાણા મંત્રાલયે એક નોટિફિકેશન જાહેર કરીને આ જાણકારી આપી છે. સરકારે બોઈલ્ડ રાઈસની નિકાસ પર ૨૦ ટકા ડ્યુટી લાદી હતી. સરકારના આ પગલાનો હેતુ પર્યાપ્ત સ્થાનિક સ્ટોક જાળવવાનો અને સ્થાનિક ભાવને નિયંત્રણમાં રાખવાનો હતો. અગાઉ નાણા મંત્રાલયે ૨૫ ઓગસ્ટે એક નોટિફિકેશનમાં કહ્યું હતું કે નિકાસ ડ્યૂટી ૧૬ ઓક્ટોબર ૨૦૨૩ સુધી લાગુ રહેશે. જે બાદ ભારતમાં બોઈલ્ડ રાઈસનો વાર્ષિક વપરાશ માત્ર ૨૦ લાખ ટન છે અને તે જાહેર વિતરણ પ્રણાલી **(PDS)**નો ભાગ નથી. ગયા વર્ષે વધતી મોંઘવારી જે આ વર્ષે જુલાઈમાં વધીને ૭.૮ ટકા થઈ



હતી, ભારતે ચોખાના છૂટક ભાવને નિયંત્રણમાં રાખવા માટે ઘણા પગલાં લીધાં છે.. સપ્ટેમ્બર ૨૦૨૨ માં તૂટેલા ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યા પછી અને જુલાઈમાં બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ બંધ કર્યા પછી, સરકારે ૨૫ ઓગસ્ટના રોજ પરબેલા ચોખા પર ૨૦ ટકા નિકાસ જકાત લાદી હતી, જે ૧૫ ઓક્ટોબર સુધી લાગુ હતી. **Ministry of Consumer Affairs** ના ડેટા દર્શાવે છે કે ૫ ઓક્ટોબરના રોજ ભારતમાં ચોખાની સરેરાશ છૂટક કિંમત ગયા વર્ષની સરખામણીએ ૧૧ ટકા વધુ હતી. સરકારના નિયંત્રણ છતાં મોંઘવારી યથાવત છે. બીજી તરફ, આ વર્ષે ડાંગરની વાવણી ઓછી રહી છે, ખૂબ જ નીચો આધાર હોવા છતાં વાર્ષિક ધોરણે માત્ર ૨ ટકાની સામાન્ય વૃદ્ધિ જોવા મળી છે.

ગયા વર્ષે ડાંગરના વાવેતરમાં લગભગ ૧૮ ટકાનો ઘટાડો થયો હતો. દરમિયાન, સપ્ટેમ્બરમાં ચોખાનો સ્ટોક ત્રણ વર્ષમાં સૌથી નીચા સ્તરે છે. ત્યાં ૨૩૨ લાખ મેટ્રિક ટન **(MT)** સ્ટોરેજ છે, જ્યારે ગયા વર્ષે તે ૨૪૪ લાખ મેટ્રિક ટન હતું અને તેના આગલા વર્ષે તે ૨૬૮ લાખ મેટ્રિક ટન હતું.

# ઈઝરાયેલ-હમાસ યુદ્ધ તણાવ ઈરાન સુધી જશે તો ભારતના Tea Exportersને વેપારમાં નુકસાન થશે!

નવીદિલ્હી,તા.૧૭

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ **(israel and hamas war)**ની અસર પશ્ચિમ એશિયાના અન્ય વિસ્તારો અને ખાસ કરીને ઈરાન**(Iran)** જેવા દેશો પર પણ પડી શકે છે. જેના કારણે ચાના નિકાસકારોની ચિંતા વધી ગઈ છે. ઈઝરાયલમાં ચાની નિકાસ **(Export of Tea to Israel)** થાય છે પરંતુ નિકાસકારોને ડર છે કે જો આ યુદ્ધ ભારતીય ચાના મુખ્ય ખરીદદારો પૈકીના એક ઈરાનને અસર કરશે તો તેની અસર ચા**(Tea)** ઉદ્યોગ પર પણ પડશે. જાન્યુઆરી-ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન ભારતીય ચાની સૌથી વધુ નિકાસ સંયુક્ત આરબ અમીરાત **(UAE)**માં ૪૨.૩ મિલિયન કિગ્રા, રશિયાને ૪૧.૧ મિલિયન કિગ્રા અને ઈરાનને ૨૧.૬ મિલિયન કિગ્રા હતી. કેટલીક ચા **UAE** મારફતે ઈરાનને પણ મોકલવામાં આવે છે જે એક મુખ્ય પુનઃ નિકાસ કેન્દ્ર છે.. ઈન્ડિયન ટી એક્સપોર્ટર્સ એસોસિયેશનના પ્રમુખ અંશુમન કનોડિયાએ જણાવ્યું હતું કે નિકાસકારો પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને તેમની ચિંતા પણ વધી રહી છે. તેમણે કહ્યું કે ‘ઈરાન પર કોઈપણ અસર ચિંતાનો વિષય હશે. ઘણા ઓર્ડર પેન્ડિંગ છે તેથી થોડો સમય રાહ જોવી પડશે.. હમાસના હુમલામાં ઈરાનની કથિત સંડોવણીના આંતરરાષ્ટ્રીય મીડિયામાં અહેવાલો આવ્યા છે. જો કે ઈઝરાયેલની સેનાએ કહ્યું છે કે હુમલામાં ઈરાનની સંડોવણીના કોઈ નક્કર પુરાવા મળ્યા નથી પરંતુ જેમ જેમ સંઘર્ષ વધતો જાય છે તેમ તેમ દેશના ચા ઉદ્યોગ માટે મુશ્કેલી ઉભી થવાની સંભાવના છે. ઈરાન મુખ્યત્વે પરંપરાગત ચાનું બજાર છે. અહીં સૌથી વધુ નિકાસ આસામમાંથી થાય છે પરંતુ દક્ષિણ ભારતનો પણ આ ક્ષેત્રમાં હિસ્સો છે.. સાઉથ ઈન્ડિયા ટી એક્સપોર્ટર્સ એસોસિયેશનના પ્રેસિડેન્ટ દીપક શાહે જણાવ્યું હતું કે ઈન્ડસ્ટ્રીમાં ભયનું વાતાવરણ છે. તેમણે ઉમેર્યું કે નિકાસકારો શક્ય તેટલી વહેલી તકે માલ મોકલવા માંગે છે. પરંતુ ચૂકવણીને લઈને અનિશ્ચિતતા રહે છે અને માલસામાનની અવરજવરમાં થોડી ગરબડ થવાની સંભાવના પણ છે.. દક્ષિણ ભારતની પરંપરાગત સીટીસી ચા દુબઈમાં નિકાસ કરવામાં આવે છે અને તે પછી તેને અહીંથી ઈરાન અને ઈરાક જેવા દેશોમાં ફરીથી નિકાસ કરવામાં આવશે. એશિયન ટી કંપનીના ડાયરેક્ટર મોહિત અગ્રવાલે કહ્યું, ‘ઈરાન પર આપણી નિર્ભરતાને કારણે ચાના નિકાસકારોમાં ઘણી ગભરાટ છે. અમે આશા રાખીએ છીએ કે આ પ્રદેશ સંઘર્ષમાં ન આવે.’ એશિયન ટી ભારતીય ચાના ટોચના નિકાસકારોમાંની એક છે. એમકે શાહ એક્સપોર્ટ્સના ચેરમેન હિમાંશુ શાહે જણાવ્યું હતું કે ઈરાન ગયા વર્ષના સ્તરે ખરીદી નથી કરી રહ્યું પરંતુ તે ૨૦૨૧ના ભાવ સ્તરે ખરીદી કરી રહ્યું છે. એમકે શાહ દેશમાં પરંપરાગત ચાના સૌથી મોટા ઉત્પાદકો અને નિકાસકારોમાંના એક છે.



CMYK

# વેરાવળ ટાવર ચોક પોલીસ ચોકીનું રેન્જ આઈજીના હસ્તે લોકાર્પણ




(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૭

ગીર સોમનાથના વેરાવળ શહેરની મધ્યે આવેલ ટાવર ચોક પોલીસ પોલીસ ચોકીનું નવીનીકરણ પુર્ણ થતા રેન્જ આઈજી નિલેશ જાજડીયાના વરદ હસ્તે લોકાર્પણ કરાયું.

ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ પ્રથમ પગલા રૂપે વેરાવળ શહેરની જુનવાણી વરસોની જર્જરીત પોલીસ ચોકીઓનું રીનોવેટ કરવાનું અભિયાન હાથ ધરેલ. વેરાવળ સીટી પીઆઈ ઈસરાણીને મળેલ સહયોગથી ભાલકા, તાલાળા નાકા, ગાંધીચોક અને ત્યાર શહેરના ટાવરચોક સ્થિત પોલીસ ચોકીનું નવીનીકરણ પુર્ણ થતાં ઢોલ-શરણાઈ, પુજન સાથે જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ હતું.

# કેશોદ એસ.ટી.બસ સ્ટેશન ખાતે મહા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું




(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૭

કેશોદ એસ.ટી.બસ સ્ટેશન ખાતે ધારાસભ્ય દેવાભાઈ માલમ, ભાજપ સંગઠન તાલુકા પ્રમુખ ગોવિંદભાઈ બારીયા, કેશોદ શહેર સંગઠન પ્રમુખ પ્રવિણભાઈ ભાલાળા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ જૈતાભાઈ સીસોદીયા, એસ.ટી. ડેપો મેનેજર મનસુખભાઈ, એટીઆઇ હમીરભાઈ, એસ.ટી. પાર્સલ વિભાગમાથી સિદ્ધરાજસિંહ રાયજાદા સહિત એસ.ટી.સ્ટાફે સફાઈ હાથ ધરી હતી જેમાં વૃક્ષોના પાંદડા કપાયેલી ડાળીઓ રોડ પર એકઠો કરાયેલો કચરો એક ટ્રેક્ટરમા ભરી ડમ્પીંગ સ્ટેશન ખાતે લઈ જઈ ઠલવાયો હતો.

# ખંભાળિયા સહિત જિલ્લાના ફાર્માસિસ્ટો દ્વારા અન્યાય અંગે સરકારને ઢંઢોળવાનો પ્રયાસ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળીયા તા.૧૭

"એકને ગોળ બીજાને ખોળ" હેશટેગ સાથે અંદાજિત ૨૦,૦૦૦ થી પણ વધુ ટ્વીટ કરી દેવભૂમિ દ્વારકા તથા રાજ્યના ફાર્માસિસ્ટે તેમની સાથે થતા અન્યાયની વાત સરકાર સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો હતો.છેલ્લા આશરે ત્રણ મહિનાથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત હસ્તકના આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ફાર્માસિસ્ટોની વર્ષો જૂની પડતર માંગણીઓ ન સંતોષાતા વેક્સિન કામગીરીના બહિષ્કાર પર ઉતર્યા છે. ગુજરાત સ્ટેટ પંચાયત ફાર્માસિસ્ટ એસોસિએશન દ્વારા સરકારના આરોગ્ય વિભાગ સામે કામગીરીના બહિષ્કારનું આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. જે બહિષ્કારમાં સમગ્ર ગુજરાતના અંદાજિત ૧૪૦૦ ફાર્માસિસ્ટ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૧૮ થી વધુ ફાર્માસિસ્ટોએ પણ એસોસિએશનના સમર્થનમાં વેક્સિનની કામગીરી બંધ કરતા જિલ્લાના આરોગ્ય વિભાગમાં વેક્સિનની ઓનલાઈન ઓફલાઈન કામગીરી ખોરંભે પડી છે. ફાર્માસિસ્ટો પાસે વધારાની વેક્સિનની કામગીરી કરાવવા છતાં માસિક ભથ્થુ આપવામાં આવતું નથી અને રૂટીન કામ ચાલુ જ હોવા છતાં ગાંધીનગરથી નિયામક દ્વારા પગાર રોકવાનો અન્યાયી આદેશ કરવામાં આવ્યો હતો. જ્યારે હાલના તબક્કે બીજી કેડરને આ કામગીરી સોંપવાના આદેશો પણ કરવામાં આવ્યા છે અને એમને પણ આ કામગીરી ન કરી તો નિયામક દ્વારા તેના પર કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. જેના દ્વારા એવું ફલિત થાય છે કે માત્ર ફાર્માસિસ્ટ સાથે જ સરકારનું ઓરમાયું વર્તન રાખવામાં આવે છે તેવો આક્ષેપ થયો છે.



વર્તમાન ડિજિટલ સમયમાં દવાઓના ટેકનિકલ એક્સપર્ટ ફાર્માસિસ્ટ પાસેથી ઘણી બધી વધારાની કામગીરી વર્ષોથી લેવાઈ રહી છે અને તેની સામે તેમને કોઈ વધારાનું મહેનતાણાનું ચુકવણું કરવામાં આવતું નથી. જે બાબતે ઘણા સમયથી ફાર્માસિસ્ટોમાં રોષ વ્યાપેલો હતો. વર્ષોથી ફાર્માસિસ્ટ કેડર સરકાર સાથે રહીને ખંભે ખંભો મિલાવીને દરેક કાર્યમાં દોડતી કેડર છે. પરંતુ જ્યારે વાત કંઈ તેમની વ્યાજબી માંગણીઓની આવે છે ત્યારે દર વખતે સરકાર દ્વારા તેમને નજર અંદાજ કરવામાં આવે છે. જે બાબતને દુઃખદ ગણાવવામાં આવી છે. આ રોષ અને તેમનું આ દુઃખ સમગ્ર ગુજરાતના ફાર્માસિસ્ટો દ્વારા ટ્વિટર ઉપર ઠાલવવામાં આવ્યું હતું. રાજયમાં અંદાજિત ૨૦,૦૦૦થી વધુ ટ્વીટ્સ કરી તેમણે તેમની વાત સરકાર સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો હતો. જે ટ્વિટરમાં સમગ્ર ગુજરાતમાં ટ્રેન્ડિંગમાં રહ્યું હતું.

સરકાર દ્વારા તેમની આ વર્ષો જૂની વ્યાજબી માંગણીઓને પૂર્ણ કરવામાં આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતના ફાર્માસિસ્ટોની લાગણી અને માંગણી છે તેવું તેમના ટ્વીટર અભિયાન ઉપરથી ફલીત થઈ રહ્યું છે.

# ખંભાળિયામાં રઘુવંશી જ્ઞાતિની બાળાઓ માટે છાત્રાલય ખાતે રાસ ગરબા યોજાયા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળીયા તા.૧૭

આદ્યશક્તિની આરાધનાના પર્વ એવા નવરાત્રીનો તાજેતરમાં પ્રારંભ થયો છે. ત્યારે ખંભાળિયા શહેરની મધ્યમાં આવેલી લોહાણા કન્યા છાત્રાલય તથા રઘુવંશી મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે છાત્રાલયની બાળાઓ માટે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહેનો માટે વિવિધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં રઘુવંશી મહિલા મંડળના હોદ્દેદારો તથા સદસ્યો ચાંદનીબેન પુજારા, ડો. રાયઠઠ્ઠા તથા પરિવાર, ઉષાબેન તન્ના, લોહાણા છાત્રાલય અને રઘુવંશી મહિલા મંડળ, ભાવિશાબેન મોટાણી, નીનુબેન માણેક, નિકિતાબેન મજીઠીયા, દીપ્તિબેન બરછા, ભાવનાબેન કાનાબાર વિગેરેની ઉપસ્થિતિમાં બાળાઓને રોકડ પુરસ્કાર તેમજ અલ્પાહાર આપવામાં આવ્યો હતો. લોહાણા કન્યા છાત્રાલયને લેસ્ટર (યુ.કે.) નિવાસી સ્વ. મોહનલાલ છગનલાલ વિઠલાણી પરિવાર દ્વારા વોટર કુલરનું અનુદાન સાંપડ્યું હતું. જેની અર્પણ વિધિ પણ છાત્રાલયના ગૃહમાતા મૃદુલાબેન તન્ના દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કન્યા છાત્રાલયના ટ્રસ્ટ ડોક્ટર કાશ્મીરાબેન રાયઠઠ્ઠા, ઉષાબેન તન્ના, કારોબારી સદસ્યો ગીતાબેન બદીયાણી જેમીનીબેન મોટાણી, હેતલબેન સવજાણી તેમજ જ્ઞાતિના મહિલાઓ, કાર્યકરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયા : સિધ્ધપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીએ તાલુકા કક્ષાના વિજ્ઞાન મેળામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળીયા તા.૧૭

ખંભાળિયા તાલુકાના વિંજલપર ગામની મોડેલ સ્કૂલમાં તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો હતો. જેમાં સિધ્ધપુર પ્રાથમિક શાળાના બાળકો દ્વારા વિભાગ -૧ માં બહુહેતક ચૂલો, વિભાગ -૨ માં પુનઃ પ્રાપ્ય ઊર્જાના ઉપયોગ દ્વારા પર્યાવરણનું જતન અને વિભાગ - ૪ માં ટ્રાંઝીટ એલિવેટેડ બસ એમ ત્રણ કૃતિ રજુ કરી હતી.તેમાં વિભાગ -૨ માં પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે. તેના બાળ વૈજ્ઞાનિકો શિવાની પરમાર, તરુણ પરમાર અને તેઓના માર્ગદર્શક શિક્ષકો ધર્મેશભાઈ નકુમ અને ભરતભાઈ દેવમૂરારીને શાળા આચાર્ય સંજયભાઈ ગાગિયા અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# દ્વારકા અને કલ્યાણપુરની આઈ.ટી.આઈ. ખાતે કૌશલ્ય દિક્ષાંત સમારોહ યોજાયો



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળીયા તા.૧૭

ભારત સરકારના સ્કીલ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના સહયોગથી ઔધોગીક તાલીમ સંસ્થાઓમાં દ્રિતીય કૌશલ્ય દિક્ષાંત સમારોહનુ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાની દ્વારકા અને કલ્યાણપુરની આઈ.ટી.આઈ. ખાતે પણ કૌશલ્ય દિક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈ.ટી.આઈ.માંથી એક વર્ષ અને બે વર્ષ નો કોર્ષ કરી ને પાસ થયેલા તાલીમાર્થી ભાઈઓ-બહેનોને સર્ટિફિકેટ આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. દ્વારકા આઈ.ટી.આઈ.માં આશરે ૨૫૦ તાલીમાર્થીઓને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. કલ્યાણપુર આઈ.ટી.આઈ.માં આશરે ૧૪૦ તાલીમાર્થીઓને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. દ્વારકા આઈ.ટી.આઈ.ના આચાર્ય એમ.એમ. ભોચિયા, ફોરમેન દેવાંગ મકવાણા અને સ્ટાફના સહયોગથી આ કાર્યક્રમ સફળ બની રહ્યો હતો.

# ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ દ્વારા સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સાથે પાવર યુસેજ એગ્રીમેન્ટ ગાંધીનગર ખાતે સંપન્ન

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૭

ગાંધીનગર ખાતે ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારના ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.(GUVNL) દ્વારા આગામી ૨૫ વર્ષ સુધી માત્ર રૂા.૨.૫૭ પ્રતિ યુનિટના દરે ૭૦૦ મેગાવોટ વીજળી પ્રાપ્ત કરવા માટે સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(SECI) સાથે પાવર યુસેજ એગ્રીમેન્ટ(PUA) સાઈન કરવામાં આવ્યુ હતું. આ એગ્રીમેન્ટ અંતર્ગત ગુજરાતમાં સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવામાં આવશે, જે આગામી ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં કાર્યરત થશે. આ સોલાર પાવર પ્લાન્ટની સ્થાપનાથી ગુજરાતમાં આશરે રૂા.૩૫૦૦ કરોડનું રોકાણ આવવાનું અનુમાન છે. ગુજરાતના રીન્યુએબલ એનર્જી ક્ષેત્ર માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે. કારણ કે, GUVNL દ્વારા આ પ્રોજેક્ટ થકી અત્યારસુધીની સૌથી વધારે ક્ષમતા ધરાવતા ૭૦૦ મેગાવોટ જેટલી વીજ ખરીદી માટેનું એગ્રીમેન્ટ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઉત્પન્ન થતી સૌર ઊર્જા રાજ્ય સરકારને પૂરી પાડવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા વાયેબીલીટી ગેપ ફંડિંગ(VGF) થકી સહાય આપવામાં આવી છે. ગુજરાતમાં ૭૦૦ મેગાવોટ ઊર્જાના ઉમેરા સાથે રાજયમાં સૌર ઊર્જા ઉત્પાદનમાં એકંદરે વધારો થશે, અને પરિણામે કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત રાજયના ખેડૂતોને દિવસ દરમ્યાન વીજ પુરવઠો પૂરો પાડવાની સુવિધા વધુ સઘન બનશે. ગુજરાતમાં કેન્દ્ર સરકારના ન્યૂ એન્ડ રીન્યુએબલ એનર્જી ડીપાર્ટમેન્ટની "સેન્ટ્રલ પબ્લિક સેકટર અંડરટેકિંગ (CPSU)" સ્કીમના બીજા તબક્કાના ટ્રેન્ચ-૩ અંતર્ગત SECI દ્વારા આ પ્રોજેક્ટ સ્થાપવામાં આવશે. સ્થાનિક રીતે ઉત્પાદિત સોલર પીવી સેલ અને મોડ્યુલોના ઉપયોગ થકી રાષ્ટ્રીય ઊર્જા સુરક્ષા અને પર્યાવરણીય સસ્ટેનેબીલીટીની સુવિધામાં વધારો કરવામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પાવર યુસેજ એગ્રીમેન્ટ ઉપર રાજ્ય સરકાર તરફથી GUVNLના જનરલ મેનેજર(રિન્યુબલ એનર્જી) તેમજ સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા તરફથી SECIના જનરલ મેનેજર(પાવર ટ્રેડિંગ) દ્વારા સાઈન કરવામાં આવી હતી.



**SECI દ્વારા ગુજરાતમાં ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં સોલાર પાવર પ્લાન્ટ કાર્યરત કરાશે : સોલાર પાવર પ્લાન્ટની સ્થાપનાથી રાજ્યમાં રૂા.૩૫૦૦ કરોડના રોકાણની સંભાવના**

# "આયુષ્માન" એપ ઉપરથી વ્યકિત પોતાના મોબાઈલ તેમજ કોમ્પ્યુટરમાં જાતે જ આયુષ્માન કાર્ડ કાઢી શકાશે

## સરકારના આયુષ્યમાન કાર્ડના સો ટકા કવરેજમાં લોકભાગીદારી જરૂરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

ભારત સરકારે "આયુષ્માન" એપ લોંચ કરી છે. જે દેશની કોઈ પણ વ્યકિત પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરીને "આયુષ્માન કાર્ડ" ડાઉનલોડ કરી પોતે અને પોતાના પરિવારને સુરક્ષિત કરી શકે છે. સરકારના આયુષ્માન કાર્ડ કવરેજમાં લોકભાગીદારી નોંધાવવા માટે https://play.google. com/store /apps/dªails?id= com. beneficiary app એપનો ઉપયોગ કરી શકાશે. આ મોબાઈલ એપથી લાભાર્થીનો ફોટો લેવામાં સરળતા રહેશે. કોમ્પ્યુટરથી અને લેપટોપથી પ્રોસેસ કરવામાં વેબ કેમેરો હોવો જરૂરી છે. કાર્ડ ડાઉનલોડ મરવા માટે લોગ ઈન થવા માટે બે ઓપ્શન આપેલ છે એક beneficiary અને બીજો operator. જ્યાં સુધી દરેકના આઈ.ડી. ન બને ત્યાં સુધી beneficiary સિલેકટ કરી "આયુષ્માન" કાર્ડની પ્રોસેસ કરવાની રહેશે. વેબનું પોર્ટલ નવું હોવાથી ડાઉનલોડ થવામાં ૧૫ થી ૨૦ મિનિટનો સમય લાગવાની શકયતા છે. નવા પોર્ટલમાં family id એટલે રેશન કાર્ડ નંબર સમજવું. કાર્ડ બનાવવાની પ્રોસેસ વખતે જો લાભાર્થીનો આધાર કાર્ડ અને રેશન કાર્ડનો ડેટા જો ૮૦% સ્કોર મેચ થતો હશે તો તરત જ કાર્ડ બની જશે અને ડાઉનલોડ પણ કરી શકશે. જો ૮૦ ટકાથી સ્કોર ઓછો હશે તો તે કાર્ડ અપ્રુવ થયા બાદ જ ડાઉનલોડ થઈ શકશે. ત્યાં સુધી તે પેન્ડીંગ બતાવશે. આ એપ ઉપરથી કાર્ડ રીન્યુ નહિ થઈ શકે, જેની સંબંધિત સર્વેને નોંધ લેવા અનુરોધ છે.

# ભેંસો ચરાવવા બાબતે આંબલા ગામે સશસ્ત્ર જૂથ અથડામણ: સામસામા પક્ષે સાત સામે ફરિયાદ

(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળીયા તા.૧૭

ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામ નજીક આવેલા આંબલા વિસ્તારમાં રવિવારે બાબતે બે પરિવાર વચ્ચે બઘડાટી બોલી જવા પામી હતી. જેમાં લાકડી, દાતરડા વિગેરે જેવા હથિયારોનો ઉપયોગ થયો હતો. આ પ્રકરણમાં બંને પક્ષે સામ-સામે કુલ સાત શખ્સો સામે વાડીનાર મરીન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના નાના આંબલા ગામે રહેતા હારુનભાઈ હાજીભાઈ સંઘાર નામના ૩૦ વર્ષના સુન્ની મુસ્લિમ યુવાનની વાડીના શેઢે આરોપી તારમામદ ઈશાભાઈ ગજણ ભેંસો લઈને ચરાવવા માટે ગયો હતો. ત્યારે ફરિયાદી હારુનભાઈએ તારમામદને વાડીના છેડે ભેંસો ચરાવવાની ના પાડતા આ બાબતથી ઉશ્કેરાયેલા તારમામદ ઈશાભાઈ ગજણ, સાજીદ હુસેન ભટ્ટી અને ઈસ્માઈલ હુસેન ભટ્ટી નામના ત્રણ શખ્સોએ બિભત્સ ગાળો કાઢી, લાકડી તથા દાતરડા વાળે હુમલો કરીને ફરિયાદી હારુનભાઈ તથા તેમના પિતા, નાનાભાઈ ફારૂક તેમજ સાહેદ અબ્બાસને બેફામ માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે. જે અંગે પોલીસે આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) ૧૧૪ તથા જી.પી. એકટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

સામા પક્ષે સંધી તારમામદ ઈશાભાઈ ગજણ (ઉ.વ. ૪૦, રહે. નાના આંબલા) એ હારુનભાઈ હાજીભાઈ, અબ્બાસ મામદભાઈ, ફારૂક હાજીભાઈ અને હાજીભાઈ ઈશાભાઈ નામના ચાર શખ્સો સામે નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે ફરિયાદી તારમામદભાઈ પોતાની વાડીની બાજુમાં આવેલી એક આસામીની વાડીમાં ભેંસો ચરાવી રહ્યા હતા. ત્યારે આરોપીઓએ "આ જમીન અમારી છે. તારો દીકરો જરીફ સાથે આ જમીન બતાવવા કેમ આવેલો હતો?" તેમ કહી, બિભત્સ ગાળો કાઢી હતી. જેથી ફરિયાદી તારમામદભાઈએ ગાળો કાઢવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખ્સોએ ધારીયા, લાકડી, રાપડી વિગેરે જેવા હથિયારો વડે હુમલો કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ બઘડાટીમાં ઘવાયેલાઓને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે વાડીનાર મરીન પોલીસે આઈપીસી કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૬, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. એ.બી. જાડેજા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# હર્ષદમાં હરસિદ્ધિ માતાજીના મંદિર ખાતે શનિવારે રાસ - ગરબાનું આયોજન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળીયા તા.૧૭

રાજ્યના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર પ્રેરીત દેવભૂમિ દ્વારકા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ હર્ષદ ખાતે આવેલા હરસિદ્ધિ માતાજીના મંદિર ખાતે શનિવાર તા. ૨૧ રોજ રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.દ્વારકા જિલ્લાની યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા હરસિદ્ધિ માતાજીના મંદિર ખાતે રાત્રે ૮ વાગ્યાથી રાસ-ગરબા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવશે. જેમાં પ્રસિધ્ધ કલાકાર નિરવભાઈ રાયચુરા અને જ્યોત્સનાબેન રાયચુરા દ્વારા પ્રાચીન ગરબાની રમઝટ બોલાવવામાં આવશે.

**સુત્રાપાડા નગરપાલીકા**

સુત્રાપાડા શહેરી વિસ્તારમાં રખડતા-ઢોરને પકડી નગરપાલિકા જણાવે તે જગ્યા પર પહોચતા કરવા માટેના ભાવ મંગાવવામાં આવે છે. જેની ટેન્ડર કોપી નગરપાલિકાના સેનીટેશન શાખા પરથી મેળવી જાહેરાત પ્રસિધ્ધ થયે દિન-૭ માં નગરપાલિકા કચેરીમાં પહોચતા કરવાના રહેશે.

શરતો:- ૧) ભાવો મંજૂર કરવા કે ન કરવાના તમામ અધિકારો નગરપાલિકાને અબાધિત રહેશે.

મૌલિક એચ. વૈશ, ચીફ ઓફીસર, સુત્રાપાડા નગરપાલિકા — રમેશભાઈ એચ. વડાંગર, પ્રમુખ, સુત્રાપાડા નગરપાલિકા


માહિતી/જૂના/૭૧૪/૨૦૨૩

ગિરનાર દત્તાત્રેય શિખર પર આવેલા પાદુકા મંદિરમાં હિંચકારૂ કૃત્ય કરનાર સામે એફઆઈઆર સહિતના પગલાની તીવ્ર માંગણી સાથે

# ભવનાથ ખાતે આગામી તા.૨૮ ઓક્ટોબરે સંતોની જાહેરસભાનું એલાન

## ગુજરાતભરના સંતોની ઉપસ્થિતિમાં રણનીતિ નક્કી કરવામાં આવશે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ નજીક આવેલા ગિરનાર પર્વત ઉપર આવેલા દત્તાત્રેય શિખર ઉપર દત્તાત્રેય પાદુકા મંદિરમાં થયેલા હિંચકારા કૃત્યને કારણે સનાતની સમાજ તેમજ સંતો ગુરૂ દત્તાત્રેય ભગવાનના સેવકગણમાં તીવ્ર આક્રોશ ફેલાયેલો છે અને આ કૃત્ય કરનારાઓને સામે કડક કાર્યવાહીના ભાગરૂપે પોલીસ ફરિયાદ તેમજ તેઓની ધરપકડ કરવી અને દત્તાત્રેય શિખર ઉપર આવેલા દત્તાત્રેય પાદુકા મંદિર આવવા ઉપર પ્રતિબંધ મુકવો સહિતની માંગણીઓ કરવામાં આવી હતી. પરંતુ પ્રશાસન તંત્ર દ્વારા આજ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી ત્યારે ફરી એકવાર સંતો અને સેવકગણમાં આક્રોશ ફેલાયો છે. શ્રી ગુરૂદત્તાત્રેય સંસ્થાન ગિરનાર મંડળ દ્વારા એક અખબાર જોગ નિવેદન જારી કરી જણાવ્યું છે કે, આગામી જો આ બાબતે યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવે તો તા.૨૮-૧૦-૨૦૨૩ના રોજ ગુજરાતના સંતોની ઉપસ્થિતિમાં એક જાહેર સભા યોજવામાં આવશે અને ભાવી રણનીતિ નક્કી કરવામાં આવનાર હોવાનું પણ જણાવેલ છે. શ્રી ગુરૂ દત્તાત્રેય સંસ્થાન ગિરનાર મંડળ દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે કે, તારીખ ૧-૧૦-૨૦૨૩ના રોજ ગિરનાર પર્વત ઉપર આવેલ દત્તાત્રેય શિખર ઉપર દત્તાત્રેય પાદુકા મંદિર ઉપર દિગંબર જૈન સમાજના ૨૦૦-૩૦૦ના ટોળાં એ એક હીચકારો કૃત્ય કર્યું અને ભગવાનની મૂર્તિને તોડવાનો, દત્ત પાદુકાને નુકસાન પહોચાડવાનો, સૂત્રોચાર કર્યા અને આનાથી ત્યાંની શાંતી અને અખંડિતતાને હાની થાય એવા પ્રયત્ન કર્યા હતા. આ અત્યંત ખેદ જનક ઘટનાથી સંપૂર્ણ સનાતની સમાજ હિન્દુ સમાજ સાધુ-સંતો, મહંતો, મહામંડલેશ્વર, પીઠાધિશો અત્યંત ક્રોધિત અને રોષે ભરાયા અને આ હીચકારૂ અને હિન, અત્યંત દ્રવિત કરી દેનાર આ કૃત્ય આચરનાર લોકોની ધરપકડ થાય તેમને યોગ્ય દંડ મળે તેઓ જાહેરમાં માફી માગે અને તેવા લોકોને અહીં આવવા ઉપર પ્રતિબંધ લગાવવામાં આવે એવી માંગણી સાથે પોલીસ પ્રશાસનને એફ.આઈ.આર નોંધાવવા માટે વિનંતી કરેલ આ ઘટનાને તેર દિવસ વીતી ગયા પછી પણ પોલીસ પ્રશાસને આ બાબતની એફ.આઈ.આર નોંધેલ નથી અને તે માટે તેમને ફરીથી યાદ અપાવવા જૂનાગઢમાં ગિરનારી અન્નક્ષેત્ર ઉપર ગુજરાત મહારાષ્ટ્ર અને સમગ્ર દેશના દત્તભક્તો તેમજ ત્યાંના ગિરનાર મંડળના સાધુ, સંતો એ એક પ્રેસ કોન્ફરન્સ યોજી અને અમારા આરાધ્યદેવ ભગવાન શ્રી દત્તાત્રેય મંદિર ઉપર થયેલા આ હુમલાને પોલીસ એફ.આઈ.આરની નોંધ લે અને યોગ્ય પગલા કરે તેવી ફરીથી માંગણી મૂકવામાં આવી. તા.૭-૧૦-૨૦૨૩નાં દિવસે પત્રકાર પરિષદનું આયોજન થયું જેના અંદર સમગ્ર ગિરનાર મંડળ ઉપસ્થિત રહ્યું અને ફરીથી એક થી પાંચ દિવસનો સમય પ્રશાસનને આપ્યો આ દરમ્યાન આપ અમારી માગણીઓને પૂર્ણ કરો જે આરોપીઓ છે તેમની વિરૂધ્ધ એફ.આઈ.આર કરીને એમની ધરપકડ કરો અને જાહેર માફી માંગે લેખિતમાં અને વીડિયોમાં જેથી કરીને સમાજમાં થયો છે. જે આક્રોશ આ પરિસ્થિતિમાં લાગણી દુભાવવાથી જે ઉદભવ થઈ છે તે શાંત થઈ જાય પરંતુ પોલીસ પ્રશાસન અમારી વાતને ગણકારતું નથી. દરમ્યાન ૧૪મી તારીખે અમે આ પત્ર બહાર પાડીએ છે કે આસો મહિનાની પુર્ણિમા એટલે શરદ પૂનમે તા.૨૮-૧૦-૨૦૨૩ એ અગાઉ જેમ ગિરનાર મંડળ ભેગું થયું હતું. એમ ગુજરાતનું આખુ સાધુ-સંત સમાજ, સનાતન હિંદુ ધર્મના મહાત્માઓ અને સંતો-મહંત તેમજ ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર તેમજ દક્ષિણ પ્રાંતનાં જે દત્ત ભક્તો છે એ બધા ભવનાથ તળેટીમાં એકત્રિત થશે. આ સભામાં સંતો મારફત જે પણ કંઈ નિર્ણય લેવાય અને નિર્ણય લઈને જો પોલીસ પ્રશાસન કાર્યવાહી ના કરે તો શરદપૂર્ણિમા પછી અમદાવાદમાં ભારતનાં સનાતન હિંદુ ધર્મના બધા સંતો-સાધુ મહાત્માઓ, મહામંડલેશ્વરો તેમજ શંકરાચાર્ય એમને બધાને ભેગા કરીશું અને વિશ્વભરથી બે થી પાંચ લાખ દત્ત ભક્તો ત્યાં ભેગા થશે અને યોગ્ય નિર્ણય લેવાશે. અમારી માંગણી સામાન્ય હતી કે દર વખતે અમારા ઉપર આરોપ લગાડતા આ વખતે અમારા સાધુ મહાત્માઓ બધા શાંત રહ્યાને વિડીયોથી બધા એ જોયું કે મંદિરમા કેટલું અધમ આચરણ કર્યુ હતું. તેમ છતાંય સ્થાનીક પ્રશાસન દ્વારા કોઈપણ પગલું નથી લેવાયું અને ઉપરથી ત્યાં બોર્ડ લગાવવામાં આવ્યા છે. તમે બોર્ડ લગાવ્યા એનું સ્વાગત છે પણ શું બધા દિગંબર જૈન મંદિરોમાં તમે બોર્ડ લગાવ્યા છે કે **All pilgrims are welcome** ? એવું લખ્યું છે તો માનું છું કે પ્રસાશન આ બધા જ મંદિરો માટે આ બોર્ડ માન્ય છે. હું બધા સનાતની હિન્દુ સમાજને આહવાન કરૂ છું કે ગિરનાર ઉપર અને ભારતભરમાં બધા દિગંબર જૈન મંદિરો આવેલા જ છે તો આ છૂટ જો પ્રશાસન તરફથી મળી જ છે. તો ચાલો આપણે પણ ગિરનાર તેમજ ભારતભરના દિગંબર જૈન મંદિરોમાં જઈએ ત્યાં પણ પૂજા પાઠ કરીએ આપણે પણ શ્રીરામ, હર હર મહાદેવ, હરે કૃષ્ણના નારા લગાવીએ અને શાંતિપૂર્ણ રીતે પૂજા પાઠ દીવો અને સ્ત્રોત્રના પઠન કરીએ આ કરવામાં કોઈ ગેરકાયદેસર પ્રવૃતિ કરતાં નથી અને જો કોઈ **Anti Social Element** આપણને આમ કરતાં રોકે તો પ્રશાસન એ આપેલ નંબર ઉપર તેની જાણ કરીએ. પ્રશાસન તરફથી જે આ પૂજા પાઠને છૂટ મળી છે તો આપણે પણ એનો સદુપયોગ કરીએ. બધાએ ધ્યાન રાખવું કે કોઈ હિંસા ન કરવી કોઈ પણ એવું પગલું ન ભરવું જેનાથી કોઈ હિંસાને બળ મળે પણ અહિંસક રીતે આ પ્રચાર પ્રસાર કરવો. બધા જ હિન્દુ ધર્મના શ્રદ્ધાળુએ દિગંબર જૈન મંદિરોમાં જઈને આ કરવાનું અને હું તો ખૂબ રાજી થઈશ કે હિન્દુ મંદિરોમાં જૈન આવે, જૈન મંદિરોમાં હિન્દુ જાય અને પોતપોતાની આસ્થા પ્રમાણે પૂજા-પાઠ કરે ! જો આવું થાય તો આનાથી વધારે સારી સમરસતા કઈ હોઈ શકે ! પોલીસના પગલાંને આવકારૂ છું અને તેમજ માંગણી કરૂ છું કે એફઆઈઆરની નોંધ કરીને દોષિતોની ધરપકડ કરે અને જાહેર માફી મંગાવે તમે મક્કમ છો અમે હિન્દુ સનાતનીઓ પણ મક્કમ જ છીએ. અમારી એક જ વાત છે કે અમારા આરાધ્ય દેવ ઉપર હુમલો થયો છે તો અમને ન્યાય કેમ નથી મળતો ? તેવી લાગણી સાથે તત્કાલ યોગ્ય કાર્યવાહી કરવાની માંગણી શ્રી ગુરૂ દત્તાત્રેય સંસ્થાન ગિરનાર અને મહંત શ્રી મહેશગીરી બાપુ દ્વારા કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના રાસોત્સવની ઉત્સાહભેર થઈ રહેલી ઉજવણી





(પ્રતિનિધી દ્વારા) જૂનાગઢ તા.૧૭

સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ જીલ્લા અને મહાનગરના ઉપક્રમે મહિલા પાંખ દ્વારા ગ્રીનસીટી પાસે ક્રિષ્ના ફાર્મમાં બ્રહ્મ રાસોત્સવનું આયોજન કરાયું છે. જેમાં સ્મિતા વાઘેલા, પિયુષ દવે, હાર્દિકા દવે સહિતના સીંગરની સાથે ખેલૈયા મનમુકી રાસ રમી રહયા છે. અને ભારે જમાવટ થઈ રહી છે. આદ્ય શક્તિ માંના નવલા નોરતા એટલે કે શક્તિની આરાધના આ પર્વ નવરાત્રીમાં મહિલા શક્તિ ઉજાગર કરવાના શુભહેતુ પણ રહેલો છે. આ રાસોત્સવમાં દિકરીઓ, મહિલાઓ અને સ્ત્રીઓને આત્મરક્ષા માટેના પાઠ પણ ભણાવામાં આવી રહયા છે. અને દિકરીઓને સ્વરક્ષાની તાલીમ આપવા માટેનો પણ કાર્યક્રમ અને સંદેશ પ્રસરાવવામાં આવ્યો છે. આ દરમ્યાન ગઈકાલે બીજા નોરતે આ નવરાત્રીના રાસોત્સવમાં એસપી હર્ષદ મહેતા ખાસ ઉપસ્થિત રહયા હતા. આ રાસોત્સવમાં એસપી હર્ષદ મહેતા, સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ જીલ્લા પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદી, એસઓજી પીઆઈ એ.એમ.ગોહિલ સહિતના ઉપસ્થિત રહયા હતા.

## માળીયાહાટીનાના ધાણેજ ગામની સીમમાં આવેલ વાડીમાં ચાલતી જુગારની કલબ ઝડપાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૭

માળીયાહાટીનાના ધાણેજ ગામની સીમમાં આવેલ વાડીમાં ચાલતી જુગારની કલબ ઉપર એલસીબીના દરોડામાં એક ડઝન જુગારીઓને ૧.૭૯ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. આ અંગે માળીયાહાટીના પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ મોટીધણેજ ગામની મોગરા વિસ્તારમાં આવેલી વિક્રમભાઈ જેઠવાની વાડીમાં વિક્રમભાઈ અને દિલીપ પરબતભાઈ જુગાર રમાડતા હોવાની બાતમીને આધારે એલસીબીએ દરોડો પાડી જુગાર રમતા વિક્રમ ખુમાણ, દિલીપ ઓડેદરા, દિનેશ ધોરીયા, ભગીરથ ચુડાસમા, અનિલ ગામી, કમલેશ પટા, ભરત બારીયા, રાહુલ વાઢીયા, ભરત પરમાર, ભાવેશ રાઠોડ, લીલાધર સોંદરવા, હસનખા બેલીમને ૧.૧૭ લાખની રોકડ અને આઠ મોબાઈલ મળી ૧.૭૯ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.


નવરાત્રી મહોત્સવની હાર્દિક શુભેચ્છા...
ડોબરીયા ગાયનેક હોસ્પીટલ
મેટરનીટી (પ્રસુતિ)/સોનોગ્રાફી/લેપ્રોસ્કોપી/વ્યંધત્વ (ઈન્ફર્ટીલીટી)
ડો. પ્રતિક ડોબરીયા
M.B. D.G.O.
સ્ત્રી રોગ નિષ્ણાંત અને લેપ્રોસ્કોપીક સર્જન
રાહતદરે ઉપલબ્ધ સુવિધાઓ
● સોનોગ્રાફીની સુવિધા ● વંધ્યત્વ નિવારણ કેન્દ્ર
● પેઈનલેસ (પીડારહિત) ડીલીવરી તથા સીઝેરીયનની સુવિધા.
● ગર્ભાશયની કોથળીનું ટાંકાવાળુ, ટાંકા વગરનું તેમજ દુરબીન (લેપ્રોસ્કોપી)થી થતા ઓપરેશન
● અંડાશય અને કુટુંબનિયોજનનાં ટાંકાવાળા તથા દુરબીન (લેપ્રોસ્કોપી)થી થતા ઓપરેશન
● હીસ્ટેરોસ્કોપીની સુવિધા (ગર્ભાશયની અંદરની દુરબીનથી તપાસ તથા ઓપરેશન) ● કેન્સર નિદાન કેન્દ્ર
● બંધ નળી ખોલવાનું ઓપરેશન (માઈક્રોસર્જરી)
● મેડીકલેઈમની સુવિધા, ડીલક્ષ અને સ્પેશ્યલ રૂમની સુવિધા
ઓપીડી સમય : સવારે : ૯ થી ૧, સાંજે : ૬ થી ૮
અક્ષર પ્લાઝા-૪ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ. મો. ૯૯૭૯૮ ૯૩૨૬૯



ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી ખૂબ નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરેંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com



નવરાત્રી મહોત્સવની હાર્દિક શુભેચ્છા...
2/3 BHK લકઝરીયસ ફલેટ
શહેરનાં અતિવિકસીત વિસ્તારમાં સુંદર લોકેશન
● અનલોટેડ પાર્કીંગ ● ટાઈટલ કલિઅર ● લોનેબો ● લિફટ ● સાર્વજનિક પ્લોટ ● ચિલ્ડ્રન પ્લે એરીયા ● સિનિયર સીટીઝન સીટીંગ ● BU સર્ટીફીકેટ વાળા ● અલ્ટ્રા મોર્ડન એલીવેશન ● હવા ઉજાસ વાળુ પ્લાનીંગ ● રૂા. ૨.૬૭ લાખની સબસીડીનો લાભ પણ ખરો જ...
: બુકીંગ સંપર્ક : ચેતન ટીલવા : ૯૮૨૫૬ ૪૩૦૨૨
ભાવિન વૈશ્નાણી : ૯૭૧૨૩ ૪૫૬૨૫
પિન્કેશ વૈશ્નાણી : ૯૮૨૫૦ ૭૯૯૯૮
આંગન ટાઉનશીપ
આંગન પાર્ક -૨, ટીંબાવાડી બાયપાસ, જૂનાગઢ



ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું



નવરાત્રીની હાર્દિક શુભેચ્છા...
● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮



ખોડલધામ ટુર
સ્લીપર બસ દ્વારા
તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ